**સુવિચાર**

શૂન્ય મસ્તક લોકો ટીકા કરવાનું ચાલુ રાખશે. જેને શૂન્યમાંથી સર્જન કરવાનું છે તે પોતાનું સારું કામ હંમેશા ચાલુ જ રાખશે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૩૧/૦૫/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ વદ-૮ વર્ષ : ૧૫ અંક : ૧૪૪

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)
૨૪x૭
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## વહીવટી તંત્ર આગ લાગ્યા બાદ ઠેકઠેકાણે કૂવા ખોદવા નીકળ્યું

# અમરેલી જિલ્લામાં સતત ફાયર સેફટીની ચકાસણી શરૂ

**અમરેલીની સુપ્રસિધ્ધ હોટેલને પણ સિલ મારી દીધું તો રાજુલા, સાવરકુંડલા, બગસરામાં ચેકીંગ શરૂ કરાયું**

**ફાયર સેફટી વગરનાં તમામ બહુમાળી ભવનને નોટિસ આપવાનું અવિરત શરૂ**

**બહુમાળી કોમ્પ્લેક્ષમાં વેપાર કરનાર સૌ કોઈમાં દોડધામ મચી**

**જો કે ફાયર વિભાગ બોન્ડ લખાવીને થોડા દિવસો માટે વૈકલ્પિક વ્યવસ્થા પણ કરી રહ્યું છે**



અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં છેલ્લા ૪ દિવસથી ફાયર સેફટીને લઈને તંત્ર હરકતમાં આવ્યું છે. નવા નિયમો બન્યા ને ઘણા મહિનાઓ પસાર થયા ત્યાં સુધી ફાયર વિભાગ પોઢી રહ્યું હતું. પરંતુ રાજકોટનાં અગ્નિકાંડ બાદ જિલ્લાનાં વહીવટીતંત્રએ ઠેકઠેકાણે ચેકીંગ શરૂ કરતાં વેપારીઓ સહિત સૌ કોઈમાં ફફડાટ ફેલાયો છે.

અમરેલીમાં આજે હોટેલ અવધને સિલ મારી દેવામાં આવ્યું તો અનેક બહુમાળી મકાનો, હોસ્પિટલ, કોમર્શિયલ કોમ્પ્લેક્ષને નોટિસ ફટકારવામાં આવી રહી છે. સાવરકુંડલા, બગસરા, રાજુલા, ધારી, ખાંભા સહિત દરેક શહેરોમાં કામગીરી શરૂ કરવામાં આવી છે.

જો કે ફાયર વિભાગે બહુમાળી ભવનોને વૈકલ્પિક વ્યવસ્થારૂપે બોન્ડ લખાવવાનું શરૂ કર્યાનું પણ જાણવા મળેલ છે.

આશ્ચર્યજનક બાબત એ છે કે, અનેક સરકારી બહુમાળી મકાનોમાં ફાયર સેફટીની સુવિધા ન હોય ફાયર વિભાગ શું કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

## નેશનલ હાઈવેની બેદરકારી જોવા મળી

# રાજુલા : ભેરાઈ ચોકડી નજીક રોલર નીચે કચડાઈ જવાથી શ્રમિકનું મોત

**શ્રમિકનાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાશે**



અમરેલી, તા. ૩૦

ભાવનગર-રાજુલા-સોમનાથ નેશનલ હાઈવેની કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. સુરક્ષાની પુરતા પ્રમાણમાં વ્યવસ્થા કરવામાં ન આવતાં અવારનવાર અકસ્માતની ઘટના બની રહી છે.

દરમિયાનમાં આજે એક શ્રમિકનું ભેરાઈ ચોકડી નજીક રોલર નીચે કચડાઈ જવાથી મોત થતાં સ્થાનિક પોલીસે મૃતદેહનાં પોસ્ટમોર્ટમની કામગીરી શરૂ કરી હતી.

## રાજકોટનાં અગ્નિકાંડને લઈને શોક વ્યકત કર્યો

# અમરેલી : ચેમ્બર અને આ.હિ.પ. દ્વારા મૃતાત્માને શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ

**મોટી સંખ્યામાં વેપારીઓ સહિતનાં આગેવાનો જોડાયા**

અમરેલી, તા. ૩૦

અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સ અને આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદનાં આગેવાનોએ રાજકોટનાં અગ્નિકાંડમાં ભોગ બનેલ મૃતાત્માઓનાં શાંતિ અર્થે પ્રાર્થન કરીને મૃતકને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



## ધારીનાં એડિશ્નલ સેશન્સ જજ એમ.એન. શેખે કર્યો આદેશ

# નાની ધારીમાં જમીન બાબતની તકરારમાં ખેલાયેલ લોહિયાળ જંગનાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો

**આરોપી તરફે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને સફળતા મળી**

અમરેલી, તા. ૩૦

ધારી તાલુકાનાં નાની ધારી ગામે ગત વર્ષ ૨૫ જૂનનાં રોજ જમીન બાબતની તકરારમાં લોહિયાળ જંગ ખેલાયા બાદ પોલીસ ફરિયાદ નોંધાયેલ. જે અંગેનો કેસ ધારીનાં એડિશ્નલ સેશન્સ જજ શ્રી એમ.એન. શેખ સમક્ષ ચાલી જતાં એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને આધારે આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે.

આ કામના બનાવની ફરિયાદ તા. ૨૫/૬/૨૦૨૩ના રોજ આ કામના ફરિયાદી અમીતભાઈ જયસુખભાઈ ઠુંમર રે. નાની ધારી





વાળાએ પ્રતાપભાઈ મધુભાઈ માંજરીયાને તેમની માલીકીનાં સર્વે નં. ૧૬ પૈકી કે જેના ખાતા નં. ૧૯૧ વાળી જમીન કે જે નાની ધારી ગામે આવેલ તે જમીન તેમણે પ્રતાપભાઈ મધુભાઈ માંજરીયાને વેચેલ ન હોવાથી તે અંગેની તકરાર અનુસંધાને ૨૦૨૧ની સાલમાં આ કામના ફરિયાદીના દાદા નનુભાઈએ આ કામના અન્ય આરોપી રણજીતભાઈ ધીરૂભાઈ વાળાના સગા કાકા અનકભાઈ તથા તેમના દિકરાઓ વિરૂધ્ધ ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ હતી. જે અંગેનું અગાઉનું મનદુઃખ રાખી તા. ૨૫/૬/૨૦૨૩ ના રોજ સવારના સાડા નવેક વાગ્યે આ કામના બંને આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી ફરિયાદીની વાડીના શેઢે અગાઉથી સંતાઈને એકસંપ કરી ફરિયાદીની વાડીમાં ગેરકાયદેસર અપપ્રવેશ કરી ફરિયાદીના પિતા તથા મોટા બાપુને ઢીકાપાટુનો મુંઢમાર મારી ગાળો આપી ફરિયાદી વચ્ચે પડતા આ કામના આરોપી નં. ૧ રણજીતભાઈ ધીરૂભાઈ વાળાએ તેમની પાસે રહેલ તલવાર વડે ફરિયાદીને બે ઘા જાનથી મારી નાખવાના ઈરાદે માથાના ભાગે મારવા જતા ફરિયાદીએ તેમનો ડાબો હાથ આડો કરતા તેમને આ તલવાર

અનુસંધાન પાના ૬ ઉપર

SAMSUNG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૭૭

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,990/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૩૦/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

## ફાયર સેફ્ટી, પેન્શન, આરોગ્ય, શિક્ષણ બાબતે માલિકો વિચારતા નથી

# અમરેલી જિલ્લામાં રત્ન કલાકારોને કોઈ સુવિધા મળતી નથી

**કરોડો રૂપિયાનું ટર્ન ઓવર કરનાર રત્ન કલાકારોનાં કલ્યાણ માટેની યોજના શરૂ કરવી જરૂરી**

**કારખાનાનાં માલિક ઉપરાંત રાજય સરકારે પણ રત્ન કલાકારો અને તેના પરિવારને વિવિધ મદદ કરવી જરૂરી**

**હીરાનાં કારખાનામાં પુરતા પ્રમાણમાં હવા, ઉજાસનો પણ અભાવ જોવા મળી રહ્યો છે**

**ફાયર સેફ્ટી સહિતની તમામ સુવિધાથી સજજ કારખાનાઓને મંજૂરી આપવી જોઈએ તેવી માંગ**

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં ખેતી બાદ સૌથી વધુ રોજગારી આપતાં હીરા ઉદ્યોગમાં હજારો રત્ન કલાકારો પેટીયુ રળે છે અને દર વર્ષે કરોડો રૂપિયાનું ટર્નઓવર આ ઉદ્યોગમાં થઈ રહ્યું છે. ત્યારે રત્ન કલાકારો અને તેમના પરિવારનાં હિતમાં ખાસ પેકેજ સરકારે જાહેર કરવું જોઈએ. કારખાનાનાં માલિકોએ પણ તેમાં સહયોગ કરવો જરૂરી છે.

અમરેલી જિલ્લાનાં અનેક શહેરોમાં હીરાને નિખારવાનું કામ રત્ન કલાકારો કરી રહ્યા છે. રત્ન કલાકારોને હીરા નિખારવાની કામગીરી વખતે પુરતા પ્રમાણમાં હવા, ઉજાસ મળતા નથીની અનેકવાર ફરિયાદ ઉભી થઈ રહી છે. તો આકસ્મિક કોઈ ઘટના બને તો ફાયર સેફ્ટીની પણ વ્યવસ્થા કારખાનામાં જોવા મળતી નથી.

રત્ન કલાકારોની મહેનતથી કારખાનાનાં માલિકો કરોડો રૂપિયામાં આળોટે છે. તો સરકારની તિજોરીમાં પણ મસમોટી રકમ રત્ન કલાકારોની મહેનતથી જમા થતી હોવાથી રત્ન કલાકારોનાં આરોગ્ય, આવાસ, પેન્શન તેમજ તેમના પરિવારનાં બાળકોનાં શિક્ષણ, આરોગ્ય માટે કારખાનાનાં માલિકો અને સરકારે ગંભીરતાથી વિચાર કરવો જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

### એડવોકેટ કિશોરભાઈ પાઠકની દલીલો સફળ

## લીલીયા મોટાની ક્રિષ્ના મંડળીમાંથી લોન લઈને પરત ન કરનાર ૧૧ બાકીદારોને દોઢ વર્ષની સજા

**મંડળીના અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાતી ઘટના**

લીલીયા મોટા તા.૩૦

લીલીયામોટા ક્રિષ્ના ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટીમાંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર દિપકભાઈ ભુપતભાઈ મકવાણા રે. લીલીયા, શિતલબેન શૈલેષગીરી ગોસાઈ રે. વાઘણીયા, શૈલેષગીરી મનુગીરી ગોસાઈ રે. વાઘણીયા, કૈલાસગીરી મનુગીરી ગોસાઈ રે. વાઘણીયા, દિપકભાઈ બધાભાઈ પરમાર રે. લોંકી, દિલીપભાઈ ધીરૂભાઈ ઉનાવા રે. વાઘણીયા, મેહુલભાઈ પ્રાગજીભાઈ માણસુરીયા રે. લીલીયા, ગોપાલભાઈ ભનુભાઈ



ડાબસરા રે. લીલીયા, ગૌતમભાઈ સુરેશભાઈ બુહા રે. લીલીયા આ બાકીદારો સામે મંડળીના મેનેજર જીતેન્દ્ર ડી. પાઠકે લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમા ફોજદારી ફરીયાદ દાખલ કરતા અને કેસ ચાલી જતા અને એડવોકેટની ધારદાર દલીલો ગ્રાહય રાખી અદાલત દ્વારા અગીયારેય બાકીદારોને ૧૮ માસની સાદી કેદની સજા કરવામા આવેલ અને ચેકની રકમ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. અને વળતર ન ચુકવે તો વધુ ત્રણ માસની સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવલ જજ અને જયુડીશયલ મેજીસ્ટ્રેટે હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમા ફફડાટ વ્યાપી ગયેલ છે.

### કાંડ અને કૌભાંડ ભાજપા શાસકોની અનેરી સિધ્ધી : કોંગ્રેસ

## ગામથી લઈ ગાંધીનગર, શહેરથી લઈ સચિવાલય સુધી ભ્રષ્ટાચારના ફાઈબર ઓપ્ટીકના લીધે ગુજરાત અને ગુજરાતીઓ લૂંટાઈ રહ્યાં છે

**લાંચ આપવી અને લાંચ લેવી તે બન્ને ગુન્હાપાત્ર છે ત્યારે પોલીસ તંત્ર વિસ્તૃત તપાસ કયારે કરશે ?**

અમદાવાદ, તા. ૩૦

ગામથી લઈ ગાંધીનગર, શહેર થી લઈ સચિવાલય સુધી ભ્રષ્ટાચારના ફાઈબર ઓપ્ટીકના લીધે ગુજરાત અને ગુજરાતીઓ લૂંટાઈ રહ્યાં છે. કાંડ અને કૌભાંડ ભાજપા શાસકોની અનેરી સિધ્ધી અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, રાજયસભા સાંસદ રામભાઈ મોકરિયાએ ફાયર એનઓસી મામલે ૭૦ હજારની લાંચ આપ્યાની ખુદ જાહેર કબુલાત કરી. ભાજપાના હાલના સાંસદ ખુદ કહ્યું કે ૭૦ હજાર રૂપિયા લાંચ આપીને જે તે સમયે ફાયર એનઓસી મેળવી હતી. સામાન્ય જનતા રોજ બરોજ સામાન્ય કામ માટે લાંચ આપે તો જ કામ થાય છે તેના આ કચ્ચા ચિઠ્ઠા વધુ એક વખત સામે આવ્યાં છે. ભાજપનું વિકાસ મોડેલમાં ભ્રષ્ટાચાર કેન્દ્ર સ્થાને છે. દરેક વિભાગ માં દરેક કામના ચોક્કસ ભાવપત્રક છે. કોર્પોરેશનના પ્લાન પાસ કરાવવા રજા ચિઠ્ઠી, બી.યુ. પરમિશન, ફાયર એનઓસી સહિત દરેકનું નિશ્ચિત ભાવ પત્રક દરેક વિભાગ દીઠ મંજૂરીમાં ભ્રષ્ટાચારને ભાજપાએ શિષ્ટાચાર બનાવી દીધો છે. રાજયમાં ગૃહ, શહેરી વિકાસ, શિક્ષણ, મહેસુલ, અન્ન નાગરિક પુરવઠા, આરોગ્ય, પંચાયત સહિત દરેક વિભાગમાં મોટા પાયે ભ્રષ્ટાચારનો ભોગ સામાન્ય નાગરિકો બની રહ્યાં છે. દરેક કોન્ટ્રાક્ટ, ટેન્ડરો, સરકારી ભરતી પ્રક્રિયા દરેકમાં ગેરરીતિ–ગોલમાલની ભાજપા શાસકોએ વિશેષ વ્યવસ્થા ઉભી કરી છે.

ભાજપના રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાનું નિવેદન છે કે, પોતાની મિલકત માટે, ફાયર ઓફિસર ઠેબાને એમણે પોતે ૭૦,૦૦૦ રૂપિયાની લાંચ આપી હતી. આ એમનું સ્વચ્છ બુદ્ધિથી દબાણ વગર જાહેર માધ્યમોમાં સ્વેચ્છીક રીતે આપેલ કબુલાતનામું છે. લાંચ રૂશ્વત ધારામાં લાંચ લેનાર અને લાંચ આપનાર બન્ને ગુન્હેગાર ગણાય છે ત્યારે આ બાબતની પોલીસે વિસ્તૃત તપાસ કરવી જોઈએ ભાજપા સાંસદના નિવેદનથી ભાજપા શાસનનું ભ્રષ્ટાચાર મોડેલ કઈ પ્રકારે કામ કરી રહ્યું છે તેના કચ્ચા ચિઠ્ઠા વધુમાં એક વાર ખુલ્લા પડી ગયા છે અને સામાન્ય માણસની શું હાલત છે તે ઉજાગર થયું છે.

રાજકોટ, સુરત, અમદાવાદ, વડોદરા સહિતના મહાનગરોમાં લાંબો સમપક્ષ સત્તા ભોગવતા ભાજપા શાસકોએ સુનિયોજીત લૂંટનું મોડેલ ઉભુ કરી દીધું છે ત્યારે કહેવાતું સુશાસન અંગે ભાજપા શાસકો જવાબદારી સ્વીકારશે ? સમગ્ર રાજયમાં બેફામ ભ્રષ્ટાચારના કારણે બની રહેલી એક પછી એક દુર્ઘટના જેમાં અનેક નિર્દોષો જીવ ગુમાવે છે. સુરતનો તક્ષશિલા કાંડ, વડોદરાનો હરણી બોટકાંડ, મોરબીનો ઝુલતા પુલ કાંડ અને રાજકોટના ટીઆરપી ગેમઝોન તમામ નિર્દોષ નાગરિકો અને ખાસ કરીને બાળકોના ભોગ લેવાયા છે. તે માટે ભાજપા શાસકો–તંત્રનું ભ્રષ્ટાચારી મોડલ જ જવાબદાર છે. ભાજપા કદાચ આવી ભ્રષ્ટાચારી વ્યવસ્થાને જ વિકાસ મોડેલ કહેતા હોય તેની મુખ્યમંત્રી કયારે જવાબદારી સ્વીકારશે ?

### કંડકટર પારસબેનની પ્રમાણીકતા

## રાજકોટ–અમરેલી રૂટની બસમાં મુસાફર ભુલી ગયેલ મુદ્દામાલ પરત મળ્યો

**ટીસી કમલેશ મહેતાએ ખરાઈ કરી મુદ્દામાલ પરત કર્યો**

અમરેલી, તા. ૩૦

આજરોજ રાજકોટ–અમરેલીમાં રાજકોટથી બેસી અમરેલી આવતા ચંદુલાલ શીવલાલ ચાઉ તથા તેમના પત્ની સાથે મુસાફરી કરતા હતા બસ માંથી અમરેલીમાં ઉતરતા ઘરે જતા ખ્યાલ આવ્યો કે પર્સ બસમાં ભુલાય ગયેલ તેમાં પર્સમાં એક મોબાઈલ તથા રૂપિયા ૨૫ હજાર તેમજ સોનાનુ મંગળસુત્ર એક કિંમત આશરે એક લાખ રૂપિયાની કિંમતનું તેમજ કિંમતી સામાન ભુલતા જે ફરજ પરના કંડકટર પારસબેન બેજ નંબર ૭૪૩૩ ને મળતા તેઓને મળતા ફરજ પરના ટીસી કમલેશભાઈ મહેતા રૂબરૂ



ખાતરી કરી પરત મુસાફરને આપતા પ્રવાસીએ ખુબ જ લાગણીથી કંડકટરનો આભાર માની તેમજ સમગ્ર એસ.ટી. પરિવારનો પણ આભાર માનેલ છે.

## સાવરકુંડલાથી ડુમળા વાયા લીલીયા રૂટની બસનો પ્રારંભ



લીલીયા, તા. ૩૦

લીલીયા તાલુકાના ૩૭ ગામોનાં મજુર વર્ગને લાગણી અને માંગણીને ધ્યાને લઈ અમરેલી ડીસી ધામા તેમજ સાવરકુંડલા એસ.ટી. ડેપો મેનેજર નથવાણી દ્વારા સાવરકુંડલા ડુમકા વાયા ધાનપુર બસનો રૂટ શરૂ કરાતા વિસ્તારના મજુરોમાં આનંદની લાગણી વ્યાપેલ આ બસની સેવા સાવરકુંડલાથી બપોરનાં ૩:૩૦ કલાકે ડુમકા જવા રવાના થશે જે વાયા લીલીયા, ક્રાંકચ, મોટા ચારોડીયા થઈ ગારીયાધાર, દામનગર, ઢસા, ગઢડા, બોટાદ સારંગપુર ધામ, બરવાળા, ધંધુકા થઈને ગોધરા, ધાનપુર જવા માટેની વ્યવસ્થા એસ.ટી. વિભાગ દ્વારા કરાતા વિસ્તારના મજુરોમાં આનંદની લાગણી છવાયેલ છે. જયારે આ બસ ડુમકાથી રિટર્ન બપોરનાં ૩:૩૦ કલાકે ઉપડશે અને જે વહેલી સવારે અંદાજે ૩ કલાકે સાવરકુંડલા પહોંચશે આવી લાંબા અંતરની એસ.ટી. બસની સુવિધા જેમાં ગોધરા જવા માટે મજુર વર્ગ માટે શરૂ થતા વિસ્તારનાં મજુરોમાં આનંદની લાગણી છવાયેલ છે. અને એસટી વિભાગનો આભાર પણ માનવામાં આવી રહેલ છે. આ તકે લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી દ્વારા વિસ્તારના લોકોને આ બસની સુવિધાનો વધારેમાં વધારે લાભ લેવા માટે આહવાન કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### વન વિભાગની મંજુરી વગર શરૂ હોવાથી

## ગીરગઢડાનાં વડવીયાળા નજીક નીલકંઠ ડિહાઈડ્રેશન યુનિટ બંધ કરાયુ

**આરએફઓ રાજલબેન પાઠકની ટીમે કરી કાર્યવાહી**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ખાંભા, તા. ૩૦

ગીર(પુર્વ)વન વિભાગ ધારી હેઠળની જસાધાર રેન્જના કાર્યક્ષેત્ર હેઠળની નવાબંદર રાઉન્ડની ગીરગઢડા રેવન્યુ બીટના કાર્યક્ષેત્રના ગીરગઢડા તાલુકાના વડવીયાળા રેવન્યુ ગામના સં.નં ૨૩૭ પૈકી ૩ પૈકી ૨ વાળી જમીનમાં ચાલતા નિલકંઠ ડિહાઈડ્રેશન પ્લાન્ટ યુનિટના ધારક દવારા આ જમીન ગીર અભયારણ્યની ૧૦ કિ.મી.ની ત્રીજયામાં સમાવિષ્ટ થતા ગામોની યાદીમાં વડવીયાળા ગામનો સમાવેશ થતો હોય પરંતુ ખેતીના બિનખેતી ઉપયોગ બાબતે વન વિભાગના સક્ષમ સતાધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર મેળવેલ હોવાનું રેકર્ડ પરથી જાહેર થતુ ન હોવાથી નિલકંઠ ડિહાઈડ્રેશન પ્રા.લી યુનિટે વન વિભાગની એનઓસી મેળવ્યા વિના બિનખેતી ઉપયોગ શરૂ કરેલ હોય વન વિભાગની જોગવાઈ ધ્યાનેલઈ તાત્કાલીક અસરથી આ યુનિટ સીલ/ બંધ કરાવવામાં આવેલ છે.આ કામગીરી રેન્જ ફોરેસ્ટ ઓફીસર જસાધાર શ્રી રાજલબેન. ડી.પાઠક તેમજ મામલતદાર ગીરગઢડા જી.કે. વાળા તેમજ નાયબ મામલતદાર બી.ડી. ગોહીલ તેજ વન વિભાગના વી.આર. ચાવડા, એચ.ડી.બારોટ, એચ.ડી. કલાડીયા, ડી.પી.સરવૈયા દવારા હાથ ધરેલ હતી.

### રાજકોટનાં અગ્નિકાંડ બાદ તંત્ર હરકતમાં

## બગસરા ખાતે ૨ મિલ્કતોને ફાયર સેફ્ટીનાં અભાવથી સિલ મારી દેવાયુ

**પ્રાંત અધિકારી અને મામલતદાર દ્વારા કાર્યવાહી**

બગસરા, તા. ૩૦

વિગત અનુસાર બગસરામાં પાલિકા અને મામલદાર તેમજ પ્રાંત અધિકારી ના હોદેદારો અને પોલિશ સ્ટાફ ની સાક્ષીમાં બગસરામાં પાલિકા દ્વારા બગસરા ના હાર્દ સમા વિસ્તાર માં આવેલ અંકુર કટલેરીના શો રૂમ અને પેટ્રોલ પંપ ની સામે આવેલ ત્રણ માળ નો બનેલ કોમ્પલેક્ષ મહાવીર કોમ્પલેક્ષ આશરે ૯૦ જેટલી દુકાનો આવેલ હતી તેને સીલ મારવામાં આવ્યું હતું ને ગયા વર્ષે પણ પાલિકા દ્વારા નોટીસ આપવામાં આવી હતી અને જયારે રાજકોટના અગ્નિકાંડ બાદ ફરી પાછી આ જ કોમ્પલેક્ષ ને નોટીસ આપવામાં આવી છે ત્યારે પાલિકાની આ નોટીસનો ઉલાળિયો કરી ને આવા લોકો પી જતા જોવા મળેલ છે ત્યારે આજે પાલિકા તેમજ પ્રાંત અધિકારી અને મામલતદાર ના નેજા હેઠળ આ બંને મિલકત ને સિલ મારવામાં આવેલ છે. પીજીવીસીએલ સ્ટાફ હાજર રહ્યો હતો તેમજ અન્ય વિસ્તારમાં પણ આ ટીમ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. જયારે હવે જોવાનું એ રહ્યું કે પાલિકા દ્વારા આવા કેટલા લોકો કે જે ફાયર સેફ્ટી વગરના છે અને કેટલા ને નોટીસ આપી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

સિલ કરવામાં આવે છે કે પછી પાલિકા દ્વારા આવા લોકો પાસે થી હપ્તા લઈ વગર ફાયર સેફ્ટી હોવા છતાં એનઓસી આપી દેવામાં આવે છે તેવી ચર્ચા એ બગસરા શહેરમાં જોર પકડયું છે. ચીફ ઓફિસરને પૂછતા તેમને જણાવેલ કે અગાઉ આ તમામ વેપારીઓ ને ફાયર એનઓસી આપવા માટે નોટીસ આપવામાં આવેલ હતી પરંતુ તેમના દ્વારા આ કાર્યવાહી કરવામાં ન આવતા સરકારી આદેશો અનુસાર આ તમામ દુકાનો સિલ કરવામાં આવેલ છે.

### તમાકુ છોડો અભિયાન અંતર્ગત

## અમરેલીના આશુતોષ મહેતાએ ૧૭૩૦૦ ફૂટની ઉંચાઈએ તિરંગો લહેરાવ્યો

**માઉન્ટ ફ્રેન્ડશિપનાં કપરા ચઢાણ પાર કર્યા**

અમરેલી, તા. ૩૦

ગુજરાતના ૧૯ સાહસિક યુવાઓની ટીમ દ્વારા તા. ૨૮ મે ના રોજ ખુબ મુશ્કેલ ગણાતા પીર પંજાલ રેન્જ સ્થિત હિમાચલમાં આવેલા માઉન્ટ ફ્રેન્ડશિપ કે જેની ઊંચાઈ ૧૭,૩૦૦ ફૂટ છે; જેમા દુર્ગમ ચઢાણ અને અત્યંત નીચા તાપમાનનો સામનો કરી ગુજરાતના યુવાનોની ટીમે સફળતા પૂર્વક આરોહણ કરીને તેના પર તિરંગો લહેરાવ્યો હતો તથા NO DRUGS CAMPAIGN નો સંદેશ આપ્યો હતો.

ઈન્વિન્સિબલ એન.જી.ઓ ભારતનું સૌથી મોટું ટ્રેકિંગ અને એડવેન્ચર ઓર્ગેનાઈઝેશન છે જેના દ્વારા આ યુવાઓને ૨ મહિનાની કઠોર તાલીમ આપવામાં આવી હતી કે જેમાં દરરોજ ૫ કિમીનું રનીંગ, સામાન સાથે ચઢ ઉતરની પ્રેક્ટિસ અને યોગ પ્રાણાયામનો અભ્યાસ, ટ્રેકિંગ અને પર્વતારોહણનો આગવો અનુભવ ધરાવતા પ્રતિયોગીઓની પસંદગી કરવામાં આવી હતી આ ઉપરાંત વિડિયો લેક્ચર દ્વારા ટેકનિકલ તાલીમ આપવામાં આવી હતી અને ત્યાર બાદ શારીરિક કસોટીના આધારે તેઓની પસંદગી કરવામાં આવી હતી.

તા. ૨૧ મેના રોજ મુશ્કેલ ગણાતા માઉન્ટ ફ્રેન્ડશિપ તરફ પ્રયાણ કર્યું હતું અને તા. ૨૮ મેના રોજ સમિટ કરી ૧૭૩૦૦ ફૂટની ઊંચાઈએ તિરંગો લહેરાવ્યો હતો તથા ઈન્વિન્સિબલ એનજીઓ છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી





રહેલા ડ્રગ્સના દૂષણને નાથવા રાત દિવસ પ્રયત્નો કરી રહી છે. માટે NO DRUGS CAMPAIGN નો મેસેજ આપ્યો હતો જેથી યુવાઓમાં ડ્રગ્સ માટેની જાગૃતતા વધે માટે સમગ્ર ટીમને ઈન્વિન્સિબલ એનજીઓ દ્વારા સ્પોન્સર કરવામાં આવી હતી.

આ ૧૯ સાહસિક યુવાની ટીમમાં અમરેલીના આશુતોષ મેહતા ઉપરાંત ૧૮ યુવાઓએ ભાગ લીધો. આ પૈકી વત્સલ કથીરિયા, નંદન માણેક, ગર્વ મેવાડા, વિશ્વાસ હપાણી, ધ્રુવ પટેલ, ચિરાગ પટેલ, સ્વયમ કાચા, આશુતોષ મેહતા, હેત પટેલે સફળતાપૂર્વક આરોહણ કર્યુ. જયારે દીપ હપાણી, પ્રિયા પટેલ, સાર્થક જોષી, મયુર બજાણિયા, નિશીલ ગર્દેશિયા, મયંક કાચાએ બીમાર પ્રતયોગીની મદદ માટે તે ટોચથી ૧૫૦ ફીટ નીચે રહી ગયા અને ટીમ સ્પિરિટનું મજબૂત ઉદાહરણ પૂરૂ પાડયું.

ઈન્વિન્સિબલના આ ૧૯ પર્વતારોહકોનુ નો ડ્રગ્સ અવરેનેસ અભિયાન ખૂબ જ પ્રશંશનીય છે.

## જિલ્લા મધ્યસ્થ બેન્ક અને સૌરાષ્ટ્ર ગ્રામિણ બેન્કનાં ખાતાનો રખાતો દુરાગ્રહ

# લ્યો બોલો : બાબરામાં ધો. ૯ થી ધો. ૧૨ નાં બાળકોને સહાયમાં નવો નિયમ

**સરકારની ગાઈડલાઈનમાં રાષ્ટ્રીયકૃત બેન્કોની બાદબાકી નથી તો પછી શિક્ષણાધિકારીએ શું કામ નિયમ બનાવ્યો**

**બાળકોનાં વાલીઓનાં ખાતા રાષ્ટ્રીયકૃત્ત બેન્કોમાં હોય તો તેમાં સહાયની રકમ ચુકવવામાં વાંધો ન ચાલે**

**નમો સરસ્વતી અને નમો લક્ષ્મી યોજનાનો હેતુ લાભ આપવાનો હોય છે જેમાં બેન્કને શું લેવા દેવા**

**જિલ્લા શિક્ષણાધિકારીએ જે વાલીનાં ખાતા જે બેન્કમાં હોય તેમાં સહાય આપવી જોઈએ**

બાબરા, તા. ૩૦

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ રેશિયો ઘટે અને શિક્ષણમાં દીકરીઓને પ્રોત્સાહન મળે તે માટે રાજય સરકાર દ્વારાવાર્ષિકધોરણ૯થી૧૨માંઅભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વર્ષે ૫૦ હજાર જેટલી આર્થિક સહાય નમો લક્ષ્મી યોજના તેમજ નમો સરસ્વતી યોજના હેઠળમળવાપાત્ર છે.

આ યોજનાનો લાભ મોટી સંખ્યામાંવિદ્યાર્થીનીઓનાવાલીઓદ્વારા લેવામાંઆવીરહ્યો છે. પણબેન્કખાતાને લઈ વિદ્યાર્થીનીઓ તેમજ વાલીઓ મુંજાય રહ્યા છે. કારણ કે બાબરા તાલુકામાંશહેરતેમજગ્રામ્યવિસ્તારોમાં આવેલ માધ્યમિક શાળાઓ દ્વારા એસબીઆઈસહિતરાષ્ટ્રીયકૃતબેન્કમાં વિદ્યાર્થીનીનીમાતાનુંબેન્કએકાઉન્ટહોવું જોઈએ તેવો આગ્રહ રાખવામાં આવતા જિલ્લામધ્યસ્થબેન્કઅનેસૌરાષ્ટ્રગ્રામીણ બેન્ક ના એકાઉન્ટ હોય તેવા વાલીઓને ફરજિયાત એસબીઆઈ બેન્કમાં ખાતું ખોલવાની ફરજ પડે છે.

ડિબિટી અંતર્ગત સીધા ખાતામાં રકમ જમા થાય છે તો એ સુવિધાઓ જિલ્લા મધ્યસ્થ બેન્કમાં પણ રાજયના ખેડૂતો પણ કિસાન સહાય મેળવીરહ્યાછેતોશામાટેરાષ્ટ્રીયબેન્કનો આગ્રહ રાખવામાં આવે છે.

જિલ્લા શિક્ષણ અધિકારી તેમજજિલ્લામધ્યસ્થબેન્કનાચેરમેનઆ બાબતે વિદ્યાર્થીનીઓ અને વાલીઓના હિત માટે યોગ્ય નિર્ણય કરાવે તેવી માંગ વાલીઓમાંઉઠવાપામીછે. હાલવેકેશન દરમિયાન આ યોજનાનું ફોર્મ શાળા મારફતે ભરવાનું શરૂ છે અને મહત્તમ ઉપયોગઆયોજનાનોલાભકન્યાઓને મળેતેદિશામાંશાળાઓતેમજઆચાર્ય શિક્ષક કામ કરે તે ઈચ્છનીય છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉત્તમ તક...**

ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.

F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલાની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org


### ૨૫ ટકાને બદલે તેમાં ટકાવારીમાં વધારો જરૂરી

# ગરીબ પરિવારોના બાળકોને ખાનગી શાળાઓમાં અભ્યાસ માટે આરટીઈ એકટમાં સુધારો જરૂરી

**પિયાવા ગામનાં જાગૃત નાગરિક ચિરાગ હિરપરાની મુખ્યમંત્રીને રજુઆત**

સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલાનાં પિયાવા ગામનાં જાગૃત નાગરીક ચિરાગ હિરપરાએમુખ્યમંત્રીનેપત્ર પાઠવેલછે.

પત્રમાંજણાવેલછે કેદેશમાં દરેક બાળકોને પ્રાથમિક શિક્ષણ જે તે રાજયની સરકાર દ્વારા મફત અને ફરજિયાતસરકારીસ્કૂલોમાંઆપવામાં આવીરહ્યુંછે, પરંતુ હાલરાષ્ટ્રમાં શિક્ષણ અમીર અને ગરીબ એમ બે ભાગમાં વહેંચાઈ ગયુંહોયતેમ ગરીબના સંતાનો સરકારીસ્કૂલમાંઅનેઅમીરનાસંતાનો ખાનગી પ્રાઈવેટ સ્કુલોમાં શિક્ષણ મેળવી રહ્યા છે ત્યારે સરકાર દ્વારા નબળા અને વંચિત જૂથના બાળકો પણ સારૂ અનેસુવિધાસભરબિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ મેળવી શકે તેવા સારા ઉદ્દેશો સાથે ભારતસરકારદ્વારાબાળકોનેમફતઅને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ આર ટી ઈ એક્ટ ૨૦૦૯ યોજનાઅમલમાં મૂકવામાં આવી.

ભારત સરકારની આ યોજના અન્વયે ગુજરાત સરકાર દ્વારા હાલરાજયમાંનબળાઅનેવંચિતજૂથના બાળકોને જે તે વિસ્તારની બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ધોરણ-૧ માં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ના ૨૫% આર ટી ઈ એક્ટ અન્વયે પ્રવેશ અપાવી સરકાર શાળાની ફી તેમજ ડ્રેસ વગેરે જેવા ખર્ચ ભોગવી બાળકોને પ્રાથમિક શિક્ષણ અપાવી રહી છે છતાં, ગુજરાતરાજયમાંગ્રામ્યઅનેશહેર કક્ષાએ નબળા અને વંચિત જૂથના બાળકો આરટીઈ યોજનામાં પ્રવેશ મેળવવાપાત્ર હોયછતાં કોઈ કારણસર



જેવા કે રાજયમાં અંદાજિત ૧૮૦૦૦ જેટલા ગામડાઓમાંથી અંદાજિત૯૦% ઉપર ગામડાઓમાં ખાનગી શાળાના હોવાથીએકકિલોમીટર ઉપર બાળકોને પરિવહન કરવું શક્ય નથી અને બાળકોના પરિવારને પરિવહન ખર્ચ પરવડે તેમ પણ નથી.

આમ નગરો અને મહાનગરોમાં પ્રવેશ મેળવવા પાત્ર બાળકોની સંખ્યા ખાનગી શાળામાં યોજના માટે અપેક્ષિત રખાતી બેઠકો કરતા વધારે હોય જેવા વગેરે અન્ય કારણોસર આરટીઈ યોજનાથી રાજયમાંઅનેકબાળકોવંચિતરહીજાય છે. રાજયનાબાળકોની સંખ્યાની ગણતરીએ આરટીઈ યોજનામાં પ્રવેશ મેળવવા પાત્ર બાળકોમાંજુજ બાળકોને જ આ યોજનાનો લાભ મળતો હોય મોટી સંખ્યામાં બાળકો આ યોજનાથી વંચિત રહી જતા હોય તો આવતા વર્ષ ૨૦૨૪-૨૫ ના નવા શૈક્ષણિક સત્ર પહેલા આ યોજનાના આવા મહત્વના મુદ્દાઓ પર સરકાર દ્વારા સમીક્ષા કરી વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવા સારૂ વિનંતી છે.


''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઇ-મેઇલ એડ્રેસ amreliexpress7@gmail.com પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


# ચલાલા નગરમાં સફાઈ તથા વીજતંત્રના ધાંધીયા

ચલાલા તા. ૩૦

છેલ્લા નગરમાં સફાઈનો અભાવ જોવા મળી રહ્યો છે તેમજ મેઈન બજારની શેરીઓમાંથી ગટરો ઉભરાતા ચલાલા શહેરનો હાર્દસમો વિસ્તાર જે મેઈન બજાર તથા શાક માર્કેટમા ગંદકીનું સામ્રાજય ફેલાઈ રહેલ છે આ ગંદકીના કારણે ચલાલા નગરની શોભા બગડી રહેલ છે આ બાબતે નગરપાલીકામા ઘણી રજુઆતો છતાં નગરપાલિકાનુ નિંભર તંત્ર કશુ જ ધ્યાને લઈ રહેલ નથી ચલાલા નગરમાં સઘન સફાઈ કરાવાને બદલે ચલાલા નગરપાલિકાનું તંત્ર જાહેર જનતાની સુખાકારીને બદલે નગરને ઘણીધોરી વગરનું સમજી ગંદકીના હવાલે કરી જાહેર જનતાના આરોગ્ય સામે જોખમ ઉભુ કરી દીધેલ છે. માત્ર વેરાઓ ઉઘરાવવા પુરતી જ પોતાની ફરજ સમજવાને બદલે નગરપાલિકાનુ તંત્ર યુધ્ધના ધોરણે સફાઈ કરાવશે તેવુ અહીની જનતા ઈચ્છી રહી છે.

તેમજ છેલ્લા ઘણાં સમયથી ચલાલા નગરમાં ગમે ત્યારે વીજ પુરવઠો ખોરવાઈ જાય છે આ ભીષણ ગરમીના દિવસોમાં વીજળી ખોરવાઈ જતાં બાળકો વૃધ્ધો તથા બીમાર દર્દીઓની હાલત કફોડી થઈ જાય છે. આવા સમયમાં વિશેષ કાળજી રાખી વિજતંત્ર એક જવાબદાર તંત્ર તરીકે પોતાની ફરજ અદા કરશે તેવી અપેક્ષા જનતા રાખી રહી છે.

ચલાલા નગર પ્રત્યે ઓરમાયુ વર્તન દાખવતા આવા અધિકારીઓ કર્મચારીઓને ફરજનિષ્ઠ બની ફરજ બજાવવા અહિના એડવોકેટ શાંતિલાલ એમ. રાઠોડ તરફથી અનુરોધ કરવામાં આવેલ છે.








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦













અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ 100% કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
ધોરણ-12 કોમર્સ (વર્ષ-2024) સામાન્ય પ્રવાહનું અસામાન્ય પરિણામ
કુલ વિદ્યાર્થી :- 66
પાસ થયેલ વિદ્યાર્થીઓ :-57
સંસ્થાનું પરિણામ :- 86.36%
A1 ગ્રેડ 50% ફી માફી
95PRUP :-07 વિદ્યાર્થી
90PRUP :-10 વિદ્યાર્થી
75PRUP :-21 વિદ્યાર્થી
A2 ગ્રેડ :-10
B1 ગ્રેડ :-16
B2 ગ્રેડ :-13

ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.
સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિદ્વાન લેકચર..
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠયપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૯ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૯૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી

### સીપીઆઈએ કરી ચૂંટણીપંચને ફરિયાદ

# ચૂંટણી પંચમાં પીએમ નરેન્દ્ર મોદીના મેડીટેશન સામે ફરિયાદ

## વિપક્ષે વડાપ્રધાનના ધ્યાન કરવા સામે વાંધો ઉઠાવ્યો

નવી દિલ્હી, તા.૩૦

લોકસભા ચૂંટણીના છેલ્લા સાતમા તબક્કાનો પ્રચાર પૂરો થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની આધ્યાત્મિક યાત્રા માટે કન્યાકુમારી જશે, જ્યાં ૧ જૂન સુધી વિવેકાનંદ રોક મેમોરિયલમાં 'ધ્યાન' કરશે. આ માહિતી સામે આવતા જ વિપક્ષો સવાલોનો મારો ચલાવ્યો હતો અને આ મામલે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરી દીધી. આ ઘટનાક્રમમાં સીપી આઈ (એમ) તમિલનાડુના સચિવ કે. બાલક્રિષ્નને મુખ્ય ચૂંટણી કમિશનરને પત્ર લખીને કન્યાકુમારીમાં પીએમના 'ધ્યાન' (મેડિટેશન) દરમિયાન તેનાથી સંબંધિત સમાચાર પ્રસારિત કરવા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. બાલક્રિષ્નને પોતાની ફરિયાદમાં કહ્યું કે પીએમ મેડિટેશન કરવા માંગે છે, તે તેમની અંગત પસંદગી છે. પરંતુ મીડિયા દ્વારા તેનું જીવંત પ્રસારણ મોદી અને ભાજપ માટે એક મોટી પ્રચાર સામગ્રી બની જશે. તેમણે એ પણ ભારપૂર્વક કહ્યું કે ચૂંટણીના દિવસ સુધી વડાપ્રધાનનું હેડલાઈન્સમાં રહેવું એ આચાર સંહિતાનું ગંભીર ઉલ્લંઘન છે.

સીપીઆઈ (એમ)ના સચિવ ઉપરાંત કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ પણ ચૂંટણી પંચને મળ્યું હતું. જેમાં પીએમ દ્વારા ૩૦ મેની સાંજથી ૧ જૂન સુધી ધ્યાન કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો. આ વિશે માહિતી આપતાં વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે અમે ચૂંટણી પંચને કહ્યું છે કે ૪૮ કલાકના સાઈલન્ટ પીરિયડ દરમિયાન કોઈને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રચાર કરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. અમને તેની સામે કોઈ વાંધો નથી, પછી ભલેને કોઈ પણ નેતા મૌન વ્રત કરે કે બીજું કંઈ કરે. પરંતુ આ પરોક્ષ ઝુંબેશ મૌન સમયગાળા દરમિયાન ન થવી જોઈએ. અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે અમે ચૂંટણી પંચ સમક્ષ બે ખૂબ જ સરળ મુદ્દાઓ મૂક્યા છે. કાં તો વડાપ્રધાને ૨૪ થી ૪૮ કલાક પછી ૧ જૂનની સાંજે તેમના મૌન અને આધ્યાત્મિક ઉપવાસ શરૂ કરે પરંતુ જો તેઓ ગુરુવાર સાંજથી તે શરૂ કરવાની જીદ કરે તો તેના મીડિયા પ્રસારણ પર પ્રતિબંધ મૂકવામાં આવે. તે ખુદ આ અંતિમ તબક્કામાં ઉમેદવાર છે. લોકસભાની ૫૦ થી વધુ બેઠકો પર ચૂંટણી યોજાવાની છે અને આ પ્રકારના પ્રસારણને મંજૂરી આપવી જોઈએ નહીં. ડીએમકેના ઈલાન્ગોવને કહ્યું કે મને ખબર નથી કે આ ધ્યાન શા માટે થઈ રહ્યું છે. ચૂંટણી પૂરી થયા પછી પણ આ જાહેરાત થઈ શકી હોત, પરંતુ તેઓ છેલ્લા તબક્કામાં આ કરી રહ્યા છે કારણ કે તેઓ ઈચ્છે છે કે લોકો એવું વિચારે કે તેઓ ભગવાનના ભક્ત છે. તે લોકોને બતાવવા માંગે છે કે તે હિન્દુ છે. તે ભગવાનમાં વિશ્વાસ રાખે છે, જેથી લોકો તેને મત આપે. લોકોને પ્રભાવિત કરવાની આ એક પરોક્ષ રીત છે જે ચૂંટણી પંચના તમામ નિયમોની વિરુદ્ધ છે.

### પીએમ મોદીના નિવેદન પર નવીન પટનાયકની પ્રતિક્રિયા

# મારી તબિયત બિલકુલ ઠીક છે, નહીંતર મેં આટલી ગરમીમાં પ્રચાર ન કર્યો હોત

## હું વડાપ્રધાનને કહેવા માંગુ છું કે તેમણે ઓડિશાને વિશેષ દરજ્જો આપવાની અમારી માંગ પર ધ્યાન આપવું જોઈએ

ભુવનેશ્વર, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓડિશાના મયુરભંજમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે, બીજુ જનતા દળના વડા અને મુખ્ય પ્રધાન નવીન પટનાયકની ખરાબ તબિયત અંગે ચિંતા વ્યક્ત કરી હતી. પીએમ મોદીએ કહ્યું હતું કે, ૧૦ જૂન પછી ઓડિશામાં બીજેપીની સરકાર બનશે કે તરત જ એક વિશેષ સમિતિ બનાવવામાં આવશે જે તપાસ કરશે કે નવીન બાબુની તબિયત અચાનક કેમ બગડી. પીએમ મોદીના આ નિવેદન પર સીએમ નવીન પટનાયકે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું છે કે, મારી તબિયત બિલકુલ ઠીક છે, નહીંતર મેં આટલી ગરમીમાં પ્રચાર ન કર્યો હોત. જો તેમને મારા સ્વાસ્થ્યની આટલી ચિંતા હોય તો તે મને ફોન કરી શકે છે.

નવીન પટનાયકે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ ઓડિશામાં એક જનસભામાં કહ્યું કે મારી તબિયત ખરાબ છે અને તેઓ આ મામલે તપાસ ઈચ્છે છે. જો તેમને મારા સ્વાસ્થ્યની આટલી ચિંતા હોય તો તે મને ફોન કરી શકે છે. ઓડિશા અને દિલ્હીમાં ભાજપના ઘણા નેતાઓ છેલ્લા ૧૦ વર્ષથી મારા સ્વાસ્થ્યને લઈને આવી અફવાઓ ફેલાવી રહ્યા છે. હું વડાપ્રધાનને કહેવા માંગુ છું કે મારી તબિયત બિલકુલ ઠીક છે. તેમણે ઓડિશાને વિશેષ દરજ્જો આપવાની અમારી માંગ પર ધ્યાન આપવું જોઈએ.''

ઉલ્લેખનીય છે કે, બુધવારે ચૂંટણી રેલીને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આજકાલ નવીન બાબુના શુભચિંતકો ખૂબ જ ચિંતિત છે, તેઓ એ જોઈને પરેશાન છે કે છેલ્લા એક વર્ષમાં નવીન બાબુની તબિયત અચાનક કેવી રીતે બગડી ગઈ. વર્ષોથી નવીન બાબુની નજીક રહેલા લોકો મને મળે છે, ત્યારે તેઓ ચોક્કસપણે તેમના સ્વાસ્થ્ય વિશે ચર્ચા કરે છે. તેમનું કહેવું છે કે નવીન પટનાયક હવે પોતાના દમ પર કંઈ કરી શકે તેમ નથી. લાંબા સમયથી નવીન બાબુની નજીક રહેલા લોકોનું માનવું છે કે તેમની બગડતી તબિયત પાછળ કોઈ ષડયંત્ર હોઈ શકે છેૅંસ મોદીએ વધુમાં કહ્યું કે, સવાલ એ છે કે શું નવીન બાબુની ખરાબ તબિયત પાછળ કોઈ ષડયંત્ર છે? આ જાણવાનો ઓડિશાના લોકોનો અધિકાર છે. નવીન બાબુના નામે પડદા પાછળ ઓડિશામાં સત્તા ભોગવતી આ લોબીમાં કોઈ સંડોવણી છે? આ રહસ્ય પરથી પડદો ઉઠાવવો જરૂરી છે. તેની તપાસ જરૂરી છે. ૧૦ જૂન પછી ઓડિશામાં બીજેપીની સરકાર બનતાની સાથે જ એક વિશેષ સમિતિ બનાવવામાં આવશે જે તપાસ કરશે કે નવીન બાબુની તબિયત અચાનક કેમ બગડી રહી છે અને તેમની તબિયત સાથે શું થઈ રહ્યું છે. તમામ હકીકતો જાણવા મળશે.''

### જૂન મહિનાની શરૂઆતથી થશે અનેક ફેરફાર

# ડ્રાઇવિંગ લાઇસન્સથી લઈને આધાર કાર્ડ સુધીમાં થશે ફેરફારો

## ફેરફારોની અસર સીધી સામાન્ય માણસના ખિસ્સા પર પડશે

નવી દિલ્હી, તા.૩૦

દર મહિનાની પહેલી તારીખે દેશમાં ઘણા મોટા ફેરફારો થાય છે. હવે મે મહિનો પૂરો થવાનો છે અને જૂન મહિનાની શરૂઆત નજીક છે. ૧ જૂન ૨૦૨૪થી ઘણા મોટા ફેરફારો થવા જઈ રહ્યા છે. આ ફેરફારોની અસર સીધી સામાન્ય માણસના ખિસ્સા પર પડશે. આ ફેરફારોમાં બેંકોને લગતા નિયમો, આધાર કાર્ડ અપડેટ, ગેસ સિલિન્ડરની કિંમતોમાં ફેરફાર વગેરેનો સમાવેશ થાય છે. આવો અમે તમને જણાવીએ કે ૧ જૂનથી કયા મોટા ફેરફારો થવાના છે.

રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે તાજેતરમાં ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે નવા નિયમો જાહેર કર્યા છે. આ નવા નિયમો ૧ જૂનથી અમલમાં આવી રહ્યા છે, જેમાં ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે કોઈએ પણ સરકારી RTOમાં ડ્રાઈવિંગ ટેસ્ટ આપવા જવાની જરૂર રહેશે નહીં, પરંતુ તેઓ આ ટેસ્ટ અધિકૃત ખાનગી ટ્રેનિંગ સેન્ટરમાં પણ આપી શકશે. આ કેન્દ્રો પરીક્ષા આપ્યા બાદ લાયસન્સ પાત્રતા પ્રમાણપત્ર જાહેર કરી શકશે. નવા નિયમો હેઠળ ટ્રાફિકના નિયમો પણ કડક કરવામાં આવશે. માન્ય લાયસન્સ વિના ડ્રાઈવિંગ પર સખત દંડનો સમાવેશ થાય છે, જે દંડ હવે ૨,૦૦૦ રૂપિયા થશે. ડ્રાઈવિંગ કરતા પકડાયેલા સગીરો માટેનો દંડ વધુ કઠોર છે, જેમાં ૨૫,૦૦૦ રૂપિયાનો દંડ અને માતા-પિતા સામે સંભવિત કાર્યવાહી તેમજ વાહનનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરવાનો સમાવેશ થાય છે. જો તમે આમ કરશો તો લાયસન્સ રદ થઈ જશે અને સગીર ૨૫ વર્ષ સુધી નવું લાયસન્સ મેળવી શકશે નહીં. ૧૦૦૦ થી ૨૦૦૦ રૂપિયા સુધીનો દંડ વસૂલવામાં આવશે, લાયસન્સ વિના વાહન ચલાવવા પરઃ ૫૦૦ રૂપિયા, હેલ્મેટ ન પહેરવા પરઃ ૧૦૦ રૂપિયા અને સીટ બેલ્ટ ન પહેરવા પરઃ ૧૦૦ રૂપિયાનો દંડ થશે.

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા એટલે કે UIDAI અનુસાર, જો તમે ૧૦ વર્ષથી તમારું આધાર કાર્ડ અપડેટ કર્યું નથી, તો તમે ૧૪ જૂન સુધી તમારું આધાર કાર્ડ મફતમાં અપડેટ કરી શકો છો. તમે આ કામ આધાર કેન્દ્રની મુલાકાત લઈને પણ કરી શકો છો. યુઝર્સ ૫૦ રૂપિયા પ્રતિ અપડેટની નજીવી ફી ચૂકવીને તેમના આધાર કાર્ડને ઑફલાઇન અપડેટ કરાવી શકે છે. જ્યારે UIDAI પોર્ટલ પર કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં.

ઘરેલું અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતો દર મહિનાની પહેલી તારીખે બદલાય છે. મહિનાની પહેલી તારીખે દેશની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ ઘરેલું અને કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત નક્કી કરે છે. ૧લી જૂને ગેસ સિલિન્ડરની કિંમતમાં ફેરફાર થઈ શકે છે. છેલ્લી વખત ઘરેલું ગેસ સિલિન્ડરના ભાવમાં ૯ માર્ચે ઘટાડો જોવા મળ્યો હતો. ગત મહિને કોમર્શિયલ ગેસ સિલિન્ડર સસ્તા થયા હતા.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ના હોલિડે કેલેન્ડર મુજબ, બેંકો જૂનમાં દસ દિવસ માટે બંધ રહેશે. આ સુનિશ્ચિત રજાઓમાં રવિવાર, બીજો અને ચોથો શનિવાર અને અન્ય વિશેષ રજાઓ જેમ કે રાજા સંક્રાંતિ અને ઈદ-ઉલ-અઝહાનો સમાવેશ થાય છે. દેશમાં લોકસભા ચૂંટણીના સાતમા તબક્કાને ધ્યાનમાં રાખીને ૧ જૂને ઘણા રાજ્યોમાં બેંકોમાં રજા રહેશે. બેંકમાં જતા પહેલા એકવાર તમારા રાજ્યની બેંક રજાઓની યાદી તપાસી લો.

### છેલ્લા તબક્કાની ચૂંટણીને લઈને રાજા ભૈયાનું નિવેદન

# કેન્દ્રમાં નરેન્દ્ર મોદીજીની સરકાર બનવા જઈ રહી છે

## આ વખતે રાજા ભૈયા ચૂંટણીમાં NDA કે સમાજવાદી પાર્ટીના ગઠબંધનને સમર્થન આપી રહ્યા છે કે કેમ તે હજુ સ્પષ્ટ થયું નથી

પ્રતાપગઢ, તા.૩૦

યુપીમાં લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કા પહેલા પ્રતાપગઢ કુંડાના ધારાસભ્ય રઘુરાજ પ્રતાપ સિંહ ઉર્ફે રાજા ભૈયાનું મોટું નિવેદન પ્રકાશમાં આવ્યું છે. રાજા ભૈયા દેવઘર પહોંચ્યા અને પોતાની લાગણી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે મોદીજીની સરકાર બનવા જઈ રહી છે. આ નિવેદન બાદ રાજકીય વર્તુળોમાં વિવિધ પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. જો કે, આ વખતે કુંડાના ધારાસભ્ય રાજા ભૈયા લોકસભા ચૂંટણીમાં NDA કે સમાજવાદી પાર્ટીના ગઠબંધનને સમર્થન આપી રહ્યા છે કે કેમ તે હજુ સ્પષ્ટ થયું નથી. તેમણે પ્રતાપગઢ કૌશામ્બી સીટ પર ના તો બીજેપીના ઉમેદવારને ખુલીને સમર્થન આપ્યું છે કે ના તો સપા ગઠબંધનના ઉમેદવારને. તેમણે જનતાને તેમના અંતરાત્માની વાત સાંભળીને મત આપવા કહ્યું છે. તેમણે એમ પણ કહ્યું કે હું કોઈનું સમર્થન કરતો નથી.

યુપીના પૂર્વાંચલ પ્રદેશની ૧૩ સીટો પર ૧ જૂને મતદાન થવાનું છે. આ પહેલા પ્રતાપગઢ કુંડાના ધારાસભ્ય રાજા ભૈયા દેવઘર પહોંચ્યા હતા. રાજા ભૈયા દેવઘરમાં બીજેપી સાંસદ નિશિકાંતને મળ્યા હતા. મીડિયા સાથે વાત કરતી વખતે તેમણે કહ્યું કે આ વખતે તેમણે કોઈ ઉમેદવાર ઉતાર્યા નથી અને ન તો કોઈ પાર્ટીને સમર્થન આપ્યું છે.

તેમણે કહ્યું કે અમારા કાર્યકર્તાઓ દિલથી વોટ કરી રહ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે અમે દેશભરમાં નથી ફરતા પરંતુ અમે કહી રહ્યા છીએ કે મોદીજી સરકાર બનાવવા જઈ રહ્યા છે.રાજા ભૈયાએ આ વખતે કોઈ ઉમેદવાર ઉભા રાખ્યા નથી. એટલું જ નહીં તેમના પ્રભાવની સીટો કૌશામ્બી અને પ્રતાપગઢ પર પણ ચૂંટણી થઈ છે. હવે અંતિમ તબક્કામાં ૧૩ બેઠકો પર મતદાન થવાનું બાકી છે જેમાં ઘોસી, મહારાજગંજ, ગોરખપુર, કુશીનગર, દેવરિયા, બાંસગાંવ, સલેમપુર, બલિયા, ગાઝીપુર, ચંદૌલી, વારાણસી, મિર્ઝાપુર, રોબર્ટસગંજનો સમાવેશ થાય છે.

### અનુરાગ ઠાકુરે અગ્નિપથ યોજના પર રાહુલને આપ્યો જવાબ

# સરકાર એક સારું કદમ ઉઠાવી અગ્નિવીર યોજના લાવી છે

## એક અગ્નિવીર પોતાની સેવા પુરી કર્યા બાદ રોજગાર મેળવી શકે છેઃ અગ્નિવીરને આરક્ષણ પણ મળશે

નવી દિલ્હી, તા.૩૦

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી માટે તનતોડ મહેનત કરી છે. પાર્ટી દાવો કરી રહી છે કે, સતત ત્રીજી વખત સત્તા મેળવશે. આ વચ્ચે કેન્દ્રીય મંત્રી અને પાર્ટીના દિગ્ગજ નેતા અનુરાગ ઠાકુરે ઈન્ડિયા ગઠબંધન પર પ્રહારો કર્યા છે. સાથે તેમણે કોંગ્રસ નેતા રાહુલ ગાંધી દ્વારા અગ્નિપથ યોજનાને લઈને આપવામાં આવેલા નિવેદન પર પણ પોતાનો મત વ્યક્ત કર્યો છે. રાહુલ ગાંધીએ હિમાચલ પ્રદેશના પ્રવાસ દરમિયાન કહ્યું હતુ કે, જો તેની સત્તા આવી તો અગ્નિપથ યોજન બંધ કરી દેશે. સમાચાર એજન્સી એએનઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં ભાજપ નેતાએ કોંગ્રેસ પર પ્રહારો કરતા કહ્યું કોંગ્રેસએ પાર્ટી છે જે રક્ષા માટે દલાલી ખાય છે. જીપ કૌંભાડથી લઈ બોફોર્સ કૌંભાડ, અગસ્તા વેસ્ટલેન્ડ કૌંભાડ, સબમરીન કૌંભાડ અને ન જાણે કોંગ્રેસે કેટલા કૌંભાડ કર્યા છે. કોંગ્રેસ પાસેથી શું આશા રાખી શકાય. જેમણે ૧૦ વર્ષમાં બુલેટપ્રુફ જેકેટ, ફાઈટર એરક્રાફ્ટ ખરીદીને આપ્યા નથી. જેમણે અંતમાં કહ્યું ફરી તપાસ કરવામાં આવે, આ ૧૦ વર્ષ સુધી સુતા હતા. પૈસા અને દલાલી નહિ મળશે. આ કારણે ખરીદ્યા નહિ હોય. આ આરોપ કોંગ્રેસ ઉપર હંમેશા લાગતો રહે છે. તેમણે કહ્યું કે, સવાલ ઉઠે છે કે, વન રેંક, વન પેન્શન કોંગ્રેસે ૪૦ સુધી આપ્યું નથી, ત્યારબાદ મોદી સરકારે એક લાખ ૨૦ હજાર કરોડ રુપિયા આપ્યા. જેનાથી ૨૫૦૦ રુપિયા પેન્શન મળતું હતુ અને આજે ૨૫ હજારથી વધુ મળી રહ્યું છે. હવે અગ્નિવીરની વાત કરીએ તો માની લો ૧૦૦ લોકો ભરતી થાય છે.તમામને ચાર વર્ષ સેનામાં ફરજ બજાવવી પડશે અને ચાર વર્ષ પછી ૨૫ સેનામાં રહેશે અને ૭૫ને પગાર ઉપરાંત આશરે ૨૦ લાખ રૂપિયા મળશે. આ પછી તેઓ સેન્ટ્રલ રિઝર્વ ફોર્સ માટે પાત્ર બનશે. આમાં તેમને ૧૦ થી ૨૦ ટકા અનામત આપવામાં આવશે જેથી તેઓ રોજગાર મેળવી શકે. અનુરાગ ઠાકુરે આગળ કહ્યું અગ્નિવીરને રાજ્ય પોલીસમાં ભરતી થઈ શકે છે. ભાજપના ૧૮ રાજ્ય છે, જ્યાં પોલીસમાં નોકરી મળી શકે છે. સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝેઝમાં પણ રોજગાર મળી શકે છે. સરકાર એક સારું પગલુ ઉઠાવી આ અગ્નિવીર યોજના લાવી છે. પહાડ ચઢવા માટે યુવા ફોર્સ જોઈએ,

### આ વખતે ૩૯૧૫ અપક્ષ મેદાનમાં

# બીજીવાર ચૂંટણી લડતા ૩૨૪ સાંસદોની સંપત્તિમાં ૪૩ %નો વધારો

## ભાજપના ૪૪૦ ઉમેદવારોમાંથી ૬૯ મહિલા ઉમેદવાર છે : કોંગ્રેસમાં ૩૨૭ ઉમેદવારોમાંથી ૪૧ મહિલા ઉમેદવાર

નવી દિલ્હી, તા.૩૦

છેલ્લા ૧૫ વર્ષમાં દેશમાં ચૂંટણી લડનારા રાજકીય પક્ષોની સંખ્યામાં આશ્ચર્યજનક વધારો થયો છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) અને નેશનલ ઈલેક્શન વોચ દ્વારા સંયુક્ત રીતે બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં આ માહિતી આપવામાં આવી છે. આ અહેવાલ અનુસાર, ૨૦૦૯થી ૨૦૨૪ સુધીમાં લોકસભા ચૂંટણી લડનારા રાજકીય પક્ષોની સંખ્યામાં ૧૦૪ ટકાનો વધારો થયો છે. ADRએ ૨૦૨૪ની ચૂંટણીમાં લડી રહેલા ૮,૩૩૭ ઉમેદવારો દ્વારા આપવામાં આવેલી ચૂંટણી પહેલાની એફિડેવિટ્સનું વિશ્લેષણ કરીને ઘણી રસપ્રદ માહિતી આપી છે. આ વર્ષે લોકસભાની ચૂંટણીમાં, મહિલા ઉમેદવારોને તક આપવાના મામલે મુખ્ય પક્ષોમાં સૌથી આગળ ભારતીય જનતા પાર્ટી છે. ભાજપના ૪૪૦ ઉમેદવારોમાંથી ૬૯ મહિલા ઉમેદવાર છે. આ તેમના કુલ ઉમેદવારોના ૧૬ ટકા છે. જ્યારે કોંગ્રેસ ૩૨૭ ઉમેદવારોમાંથી ૪૧ મહિલાઓ એટલે કે ૧૩ ટકા સાથે બીજા સ્થાને છે.

તુલનાત્મક રીતે, આ બાબતમાં નાના પક્ષોનું પ્રદર્શન મુખ્ય પક્ષો કરતાં સારું જોવા મળ્યું હતું. તમિલર કાચી દળના ૪૦ ઉમેદવારોમાંથી ૨૦ મહિલા છે. જ્યારે લોક જનશક્તિ પાર્ટી અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પાસે ૪૦ ટકા મહિલા ઉમેદવારો છે.

એડીઆર અને ઈલેક્શન વોચના વિશ્લેષણ મુજબ, આ લોકસભા ચૂંટણીમાં ફરીથી લડી રહેલા ૩૨૪ સાંસદોની સંપત્તિમાં છેલ્લા પાંચ વર્ષમાં સરેરાશ ૪૩ ટકાનો વધારો થયો છે. ૨૦૧૯માં આ સાંસદોની સરેરાશ સંપત્તિ ૨૧.૫૫ કરોડ રૂપિયા હતી, જ્યારે વર્તમાન ચૂંટણીમાં સરેરાશ સંપત્તિ વધીને ૩૦.૮૮ કરોડ રૂપિયા થઈ ગઈ છે. જે છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૯.૩૩ કરોડનો વધારો દર્શાવે છે.

છહ્રઈના અહેવાલ મુજબ, ૮,૩૬૦ ઉમેદવારોમાંથી સૌથી વધુ હિસ્સો અપક્ષ ઉમેદવારોનો છે. ૩,૯૧૫ ઉમેદવારો અપક્ષ તરીકે લોકસભાની ચૂંટણી લડી રહ્યાં છે. આ પછી, રજિસ્ટર્ડ અપ્રમાણિત પક્ષોમાંથી ૨,૫૮૦ ઉમેદવારો મેદાનમાં છે. ૧,૩૩૩ ઉમેદવારો રાષ્ટ્રીય પક્ષોમાંથી, જ્યારે ૫૩૨ ઉમેદવારો પ્રાદેશિક પક્ષોમાંથી ચૂંટણી લડી રહ્યા છે.

### મનમોહન સિંહે નરેન્દ્ર મોદી પર પ્રહાર કર્યા

# ભૂતકાળમાં કોઈ PM એ આવા નફરતભર્યા શબ્દો ઉચ્ચાર્યા નથી

## મોદીએ જાહેર પ્રવચનની ગરિમા ઓછી કરી : મનમોહન સિંહ

નવી દિલ્હી, તા.૩૦

ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહે ગુરુવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર "સમાજના ચોક્કસ વર્ગ અથવા વિપક્ષને નિશાન બનાવવા માટે દ્વેષપૂર્ણ, અસંસદીય શબ્દોનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો." ૧ જૂને લોકસભાની ચૂંટણીના સાતમા તબક્કા પહેલા પંજાબના મતદારોને લખેલા પત્રમાં સિંહે મતદારોને અપીલ કરી હતી કે "લોકશાહી અને આપણું બંધારણ તાનાશાહી શાસનના વારંવારના હુમલાઓથી સુરક્ષિત છે તેની ખાતરી કરવાની તેમની પાસે એક અંતિમ તક છે, ભારતમાં સરમુખત્યારશાહી ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. મનમોહન સિંહે કહ્યું કે પીએમ મોદી નફરતના ભાષણોના સૌથી ભયાનક સ્વરૂપમાં "પ્રવેશ" કરે છે. તેમણે કહ્યું કે પીએમ મોદીએ જાહેર પ્રવચનની ગરિમા ઓછી કરી. ''હું આ ચૂંટણી પ્રચાર દરમિયાન રાજકીય પ્રવચનને આતુરતાથી અનુસરી રહ્યો છું. મોદીજીએ દ્વેષપૂર્ણ ભાષણોના સૌથી દુષ્ટ સ્વરૂપમાં સામેલ કર્યા છે, જે સંપૂર્ણ રીતે વિભાજનકારી છે. મોદીજી એવા પ્રથમ વડાપ્રધાન છે કે જેમણે જાહેર પ્રવચનની ગરિમાને ઓછી કરી અને તેના કારણે વડાપ્રધાનના કાર્યાલયની ગરિમા ઓછી થઈ, ''સિંઘે કહ્યું.

"ભૂતકાળમાં કોઈ પણ વડા પ્રધાને આવા દ્વેષપૂર્ણ, અસંસદીય અને બરછટ શબ્દો ઉચ્ચાર્યા નથી, જેનો અર્થ સમાજના ચોક્કસ વર્ગ અથવા વિપક્ષને નિશાન બનાવવાનો હતો. તેમણે મારા પર કેટલાક ખોટા નિવેદનો પણ આપ્યા છે. મેં મારા જીવનમાં ક્યારેય એક પણ શબ્દ બોલ્યો નથી. બીજેપીનો એકમાત્ર કોપીરાઈટ છે, "કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ કહ્યું. પીએમ મોદીએ સિંહ પર આરોપ લગાવ્યો હતો કે "દેશના સંસાધનો પર પહેલો અધિકાર મુસ્લિમોનો છે". ભૂતપૂર્વ વડા પ્રધાને સશસ્ત્ર દળો પર અગ્નિવીર યોજના લાદવા બદલ ભાજપની ટીકા પણ કરી હતી, તેને અયોગ્ય ગણાવી હતી. તેમણે ભાજપ પર આરોપ મૂક્યો કે તેઓ દેશભક્તિ, બહાદુરી અને સેવાને માત્ર ચાર વર્ષ સુધી મર્યાદિત કરીને તેમના મૂલ્યને અવમૂલ્યન કરે છે, જેને તેઓ "નકલી રાષ્ટ્રવાદ" કહે છે.

"જે લોકો નિયમિત ભરતી માટે તાલીમ લેતા હતા તેઓને આઉટગોઈંગ શાસન દ્વારા ખરાબ રીતે દગો કરવામાં આવ્યો હતો. પંજાબના યુવાનો, ખેડૂતનો પુત્ર, જે સશસ્ત્ર દળો દ્વારા માતૃભૂમિની સેવા કરવાનું સપનું છે, તે હવે માત્ર ૪-વર્ષ માટે ભરતી કરવા વિશે બે વાર વિચારી રહ્યો છે. અગ્નિવીર યોજના રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકે છે તેથી કોંગ્રેસ પાર્ટીએ અગ્નિવીર યોજનાને નાબૂદ કરવાનું વચન આપ્યું છે.

### હવે ૧ જૂને સુનાવણી, ઈડીને નોટિસ

# કેજરીવાલને ફરી ઝટકો, જામીન અરજી પર કોર્ટમાં રાહત ન મળી

## કેજરીવાલે સરેન્ડર કરવાની ડેડલાઈનથી ફક્ત ૩ દિવસ પહેલા ફરી વાર રાઉઝ એવન્યૂ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી

નવી દિલ્હી, તા.૩૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સરેન્ડર કરવાની ડેડલાઈનથી ફક્ત ૩ દિવસ પહેલા ફરી એકવાર રાઉઝ એવન્યૂ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. આપના સંયોજકની અરજી પર કોર્ટે ૨ વાગ્યે સુનાવણી કરી હતી પરંતુ તેમાં તેમને કોઈ રાહત ન અપાઈ. હવે આ મામલે ૧ જૂને બપોરે ૨ વાગ્યે સુનાવણી હાથ ધરાશે.

કોર્ટે ઈડીને નોટિસ જારી કરી હતી. ઈડીએ કેજરીવાલની જામીનનો વિરોધ કર્યો છે. ઈડી તરફથી હાજર વકીલ એસ.વી. રાજૂએ કહ્યું કે કેજરીવાલ દરેક જગ્યાએ ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. અનેક જગ્યાએ જઈને તે રેલી સંબોધી રહ્યા છે અને પછી તેઓ મેડિકલ ગ્રાઉન્ડના આધારે જામીન માગે છે. આ મામલે કોર્ટે ધ્યાન આપવાની જરૂર છે.

માહિતી અનુસાર અગાઉ સુપ્રીમકોર્ટની વેકેશનલ બેન્ચે મંગળવારે કેજરીવાલની વચગાળાની જામીન અરજી ફગાવી દીધી અને તેમાં ૭ દિવસનો વધારો કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ સાથે તેમને ૨ જૂને ફરી સરેન્ડર કરી દેવા નિર્દેશ આપવામાં આવ્યો હતો.

### કોંગ્રેસના સાંસદ શશિ થરુરની પ્રતિક્રિયા

# કાયદાએ પોતાનો માર્ગ અપનાવવો જોઈએ : થરુર

## દિલ્હી એરપોર્ટ પર સોનું દાણચોરી કરતા પકડાયેલા સહયોગીના અહેવાલ પર શશી થરુરે પ્રતિક્રિયા આપી

નવી દિલ્હી, તા.૩૦

કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે ગુરુવારે સવારે એક અહેવાલ પર પ્રતિક્રિયા આપી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમના સહાયકને ૫૦૦ ગ્રામ સોનાની દાણચોરી કરતા દિલ્હી એરપોર્ટ પર પકડવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે કાયદાએ પોતાનો માર્ગ અપનાવવો જોઈએ. કોંગ્રેસ નેતા શશિ થરૂરે કહ્યું કે આ વ્યક્તિ તેમના સ્ટાફનો ભૂતપૂર્વ સભ્ય છે. તેણે કહ્યું હતું કે "એરપોર્ટ સુવિધા સહાય" પ્રદાન કરવા માટે તે તેની સાથે પાર્ટ-ટાઈમ નોકરી કરતો હતો. કોંગ્રેસના સાંસદે વધુમાં જણાવ્યું હતું કે ૭૨ વર્ષીય વૃદ્ધને તેમની સાથે દયાના આધારે નોકરી આપવામાં આવી હતી કારણ કે તેઓ વારંવાર ડાયાલિસિસ કરાવતા હતા. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે તેઓ "કોઈપણ કથિત ગેરરીતિને માફ કરતા નથી". "મારા સ્ટાફના ભૂતપૂર્વ સભ્ય સાથે સંકળાયેલી એક ઘટના વિશે સાંભળીને હું ચોંકી ગયો હતો, જે મને એરપોર્ટ સુવિધા સહાયના સંદર્ભમાં પાર્ટ-ટાઈમ સેવા આપી રહ્યો છે. તે ૭૨ વર્ષીય નિવૃત્ત છે જે વારંવાર ડાયાલિસિસમાંથી પસાર થતો હતો અને તેને ચાલુ રાખવામાં આવ્યો હતો. અંશકાલિક ધોરણે હું કોઈપણ કથિત ગેરરીતિને માફ કરતો નથી અને આ બાબતની તપાસ કરવા માટે જરૂરી પગલાં લેવા માટે અધિકારીઓને સંપૂર્ણ સમર્થન આપું છું," તેમણે X પર લખ્યું .કસ્ટમ વિભાગે બુધવારે દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી બે લોકોની અટકાયત કરી હતી. નવી એજન્સી મુજબ, વ્યક્તિએ દાવો કર્યો હતો કે તે શશિ થરૂરનો અંગત સહાયક છે. પ્રસાદ દુબઈથી આવનાર અન્ય વ્યક્તિને રિસીવ કરવા એરપોર્ટ પર આવ્યો હતો. જ્યારે બાદમાં સાંસદના સહાયકને સોનું આપવાનો પ્રયાસ કર્યો ત્યારે બંનેની ધરપકડ કરવામાં આવી હતી. એજન્સીએ સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો કે પ્રસાદ પાસે એરોડ્રામમાં પ્રવેશવાની પરમીટ હતી, જેના કારણે તેને એરપોર્ટમાં પ્રવેશ આપવામાં આવ્યો. તેણે કથિત રીતે એરપોર્ટ પરિસરમાં પ્રવેશ કર્યો અને પેકેટ મેળવ્યું. તેમની પાસેથી કથિત રીતે ૫૦૦ ગ્રામ સોનું મળી આવ્યું હતું. દરમિયાન, કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરે રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસ, CPMની ભાગીદારી પર તીખી ઝાટકણી કાઢી અને તેમને "સોનાના દાણચોરો"નું જોડાણ ગણાવ્યું. "સોનાની દાણચોરીમાં સંડોવાયેલા પહેલા CM સેક્રેટરી, હવે કોંગી સાંસદ "સહાયક"/PA સોનાની દાણચોરી માટે અટકાયતમાં છે. CPM અને કોંગ્રેસ - બંને INDI એલાયન્સ પાર્ટનર્સ - સોનાના દાણચોરોનું જોડાણ," બીજેપી નેતા ચંદ્રશેખરે X પર લખ્યું.૨૦૨૦ માં, કેરળ તિરુવનંતપુરમ એરપોર્ટ પર રાજદ્વારી બેગમાંથી ૩૦ કિલો સોનું જપ્ત કર્યા પછી સોનાના કૌભાંડનો ભોગ બન્યો હતો. કેરળના સીએમ પિનરાઈ વિજયનના તત્કાલીન મુખ્ય સચિવ એમ શિવશંકરને એક આરોપી સાથે સંબંધ હોવાના આરોપમાં સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને તેમના પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. ચંદ્રશેખર તિરુવનંતપુરમથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર છે, જે થરૂરના સંસદીય મતવિસ્તાર છે. થરૂર કેરળ સીટ પરથી ચાલી રહેલી લોકસભા ચૂંટણી લડી ચુક્યા છે.

### હોશિયારપુરમાં બોલ્યા વડાપ્રધાન મોદી

# અયોધ્યામાં રામ જન્મસ્થળની પ્રથમ લડાઈ શીખોએ લડી હતી

## પંજાબ આપણા ગુરુઓની પવિત્ર ભૂમિ : વડાપ્રધાન મોદી

હોશિયારપુર, તા.૩૦

લોકસભા ચૂંટણીનું છ તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ પહેલી જૂને સાતમાં અને અંતિમ તબક્કાનું મતદાન યોજાશે. એટલે કે ગુરુવારે (૩૦ મે)એ પ્રચાર-પડઘમ શાંત પડી જશે. છેલ્લા તબક્કામાં પંજાબના હોશિયારપુરમાં પણ મતદાન યોજાશે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે હોશિયારપુરમાં છેલ્લી ચૂંટણી સભા ગજવી હતી. વડાપ્રધાન મોદીએ જનમેદની સંબોધતા કહ્યું કે, 'પંજાબ આપણા ભારતની ઓળખ છે, પંજાબ આપણા ગુરુઓની પવિત્ર ભૂમિ છે. અયોધ્યામાં રામ જન્મસ્થળની પ્રથમ લડાઈ શીખોએ જ લડી હતી. આજે દેશમાં નવી આકાંક્ષાઓ છે, આશાઓ છે, નવો આત્મવિશ્વાસ છે. દાયકાઓ બાદ એવો સમય આવ્યો છે કે, દેશમાં પૂર્ણ બહુમતીવાળી કેન્દ્ર સરકાર હેટ્રિક કરશે. આજે દરેક ભારતીયો વિકસિત ભારતના સ્વપ્ન સાથે એક થઈ ગયા છે, તેથી જ દરેક દેશવાસીઓ અમને આર્શિવાદ આપી રહ્યા છે. જનતા જનાર્દને મોદી સરકાર લાવવાનો નિર્ણય કર્યો છે. મોદી સરકાર હેટ્રિક લગાવવા તરફ આગળ વધી રહી છે. ૨૧મી સદી ભારતની સદી હશે.' વડાપ્રધાને કહ્યું કે, સરકારે રોડમેપ તૈયાર કરી લીધો છે. આગામી પાંચ વર્ષમાં કયાં મોટા નિર્ણય લેવામાં આવશે, તે પણ નક્કી થઈ ગયું છે. ૧૨૫ દિવસનો રોડમેપ તૈયાર છે. અમે અયોધ્યામાં ભગવાન રામનું મંદિર બનાવ્યું છે. આ ઉપરાંત ત્યાં મહર્ષિ વાલ્મિકી એરપોર્ટ બનાવાયું છે. તેથી મારી ઈચ્છા છે કે, આદમપુર એરપોર્ટનું નામ બદલી ગુરુ રવિદાસ નામ રાખવામાં આવે. સરકાર બન્યા બાદ અમે તેનો અમલ કરીશું.

### ૪ ઉત્તર-પૂર્વ રાજ્યોમાં કુદરતી વિનાશ

# વરસાદ અને પૂરના કારણે મણિપુરના ૮૬ વિસ્તારોમાં પાણી પ્રવેશ્યું

## મુખ્ય પ્રધાન એન બિરેન સિંહે જણાવ્યું હતું કે, "ઘણા વિસ્તારોમાં નદી કિનારાના બંધના ભંગને કારણે નાગરિકો અને પ્રાણીઓને અસર થઈ છે

નવી દિલ્હી, તા.૩૦

રામલ વાવાઝોડાને કારણે ઉત્તર-પૂર્વના લગભગ તમામ રાજ્યો પ્રભાવિત થયા છે. મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ, આસામ અને મેઘાલયમાં તબાહીના દ્રશ્યો છે. મણિપુરની ઈમ્ફાલ ખીણમાં ભારે વરસાદને કારણે આવેલા પૂરથી હજારો લોકો પ્રભાવિત થયા છે. એજન્સીના જણાવ્યા અનુસાર અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું કે ઈમ્ફાલ નદીના વહેણને કારણે ઘણા વિસ્તારોમાં પૂર આવી ગયું છે અને સેંકડો ઘરોમાં પાણી ઘૂસી ગયા છે. આ પછી વિસ્તારના લોકોએ કોમ્યુનિટી હોલમાં આશરો લીધો છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના ખુમાન લેમ્પક, નાગારમ, સગોલબંદ, ઉરીપોક, કેસમથોંગ અને પાઓના વિસ્તારો સહિત ઓછામાં ઓછા ૮૬ વિસ્તારોમાં પૂરના અહેવાલ છે. અવિરત વરસાદને કારણે, ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના કેરાંગ, ખાબમ અને લારિયાંગબમ લેઈકાઈ વિસ્તારો પાસે ઈમ્ફાલ નદીના કાંઠા તૂટી ગયા છે અને ઘણા વિસ્તારોમાં પાણી પ્રવેશી ગયા છે, સેંકડો ઘરો ડૂબી ગયા છે.''ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના હેનગાંગ અને ખુરાઈ વિધાનસભા મતવિસ્તારના ઘણા વિસ્તારો ખરાબ રીતે પ્રભાવિત થયા છે, ઘણા વિસ્તારોમાં પૂરના પાણી છાતીના સ્તરે પહોંચી ગયા છે,'' એક અધિકારીએ જણાવ્યું હતું.અધિકારીઓએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (NDRF) ની એક ટીમ બચાવ કામગીરીનું નેતૃત્વ કરવા માટે લગભગ ૧૦ વાગ્યે એરફોર્સની વિશેષ ફ્લાઈટ દ્વારા ઈમ્ફાલ પહોંચી હતી.મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે જણાવ્યું હતું કે, "કેટલાક વિસ્તારોમાં નદીકાંઠાના બંધના ભંગને કારણે નાગરિકો અને પ્રાણીઓ પ્રભાવિત થયા છે. રાજ્ય સરકારના અધિકારીઓ, સુરક્ષા અને NDRFના જવાનો અને સ્થાનિક સ્વયંસેવકો સહિત તમામ સંબંધિત સત્તાવાળાઓ અસરગ્રસ્ત લોકોને સહાય પૂરી પાડી રહ્યા છે. ફસાયેલા લોકોને સુરક્ષિત વિસ્તારોમાં પહોંચાડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.દરમિયાન, અધિકારીઓએ જણાવ્યું હતું કે ઈમ્ફાલ અને સિલચરને જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૩૭ પરનો ઈરાંગ બેઈલી બ્રિજ તૂટી પડ્યો હતો, જેના કારણે રોડ કનેક્ટિવિટી ખોરવાઈ હતી.એક નિવેદનમાં, ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના એસપી કાર્યાલયે જણાવ્યું હતું કે, "છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસાદને કારણે ઘણા વિસ્તારો ડૂબી ગયા છે. પોલીસ વિભાગ અને અન્ય એજન્સીઓ ફસાયેલા લોકોને બચાવવામાં મદદ કરી રહી છે. જાહેર અપીલ કરવામાં આવી છે. મોટી સંખ્યામાં બહાર આવીને અને ભીડ બનાવીને બચાવ કામગીરીમાં અવરોધ ન આવે.''એજન્સી અનુસાર, ચક્રવાત રામલને કારણે ઉત્તર-પૂર્વના લગભગ તમામ રાજ્યો પ્રભાવિત થયા છે. તેના કારણે ઉત્તર-પૂર્વના તમામ આઠ રાજ્યોમાં માર્ગ અને રેલ સંચાર પર પણ વિપરીત અસર થઈ છે. ચાર રાજ્યોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે ૩૮ નાગરિકોના મોત થયા છે. મિઝોરમમાં ૨૯, નાગાલેન્ડમાં ૪, આસામમાં ૩ અને મેઘાલયમાં ૨ નાગરિકોના મોત થયાના અહેવાલ છે.આપને જણાવી દઈએ કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આઈઝોલમાં મેલ્થમ અને હિલીમેન વચ્ચેની ખાણ સ્થળ પરથી અત્યાર સુધીમાં ૨૫ મૃતદેહો મળી આવ્યા છે, જ્યારે અન્ય ઘણા લોકો હજુ પણ કાટમાળ નીચે ફસાયેલા છે. જિલ્લાના સાલેમ, આઈબક, લુંગસેઈ, કેલ્હીસ અને ફાલ્કનમાં ભૂસ્ખલનને કારણે છ લોકોના મોત થયા છે અને ઘણા લોકો ગુમ છે.

### ચૂંટણી પ્રચાર પૂરો થતાં જ આધ્યાત્મિક યાત્રા પર કન્યાકુમારી પહોંચ્યા મોદી

# રાજકોટમાં જ ૮ ગેમઝોન સંચાલકો સામે ફરિયાદ

## વિવેકાનંદ રોક મેમોરિયલમાં લગભગ બે દિવસ ધ્યાન કરશે

કન્યાકુમારી, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુરુવારે સાંજે તમિલનાડુ પહોંચ્યા હતા. અહીં તેઓ ૪૫ કલાક લાંબા ધ્યાન પર બેસવાના છે. પીએમ મોદી પહેલા પૂજા કરવા નજીકના ભગવતી અમ્માન મંદિર પહોંચ્યા અને અહીંથી તેઓ વિવેકાનંદ રોક મેમોરિયલ પહોંચશે અને લગભગ બે દિવસ ધ્યાન કરશે. ૧ જૂનના રોજ રવાના થતા પહેલા પીએમ મોદી અહીં સંત તિરુવલ્લુવરની પ્રતિમાની મુલાકાત પણ લઈ શકે છે. સ્મારક અને પ્રતિમા બંને નાના નાના ટાપુઓ પર બાંધવામાં આવ્યા છે, જે સમુદ્રમાં અલગ અલગ અને ખડકો જેવા ટેકરાની રચના છે. પીએમ મોદીના સમુદ્રની વચ્ચે સ્થિત સ્મારક પર ૪૫ કલાકના રોકાણ માટે ભારે સુરક્ષા સહિતની તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. ભાજપના નેતાઓએ કહ્યું હતું કે આજે લોકસભા ચૂંટણી પ્રચારની સમાપ્તિ પછી, પીએમ મોદી સ્વામી વિવેકાનંદને શ્રદ્ધાંજલિ આપવા માટે બનાવવામાં આવેલા રોક સ્મારક પર ધ્યાન કરશે.

PMએ ૨૦૧૯ની ચૂંટણી પ્રચાર પછી કેદારનાથ ગુફામાં આવો જ પ્રવાસ કર્યો હતો. પીએમ મોદી ગુરુવાર સાંજથી ૧ જૂનની સાંજ સુધી ધ્યાન મંડપમમાં ધ્યાન કરશે, જ્યાં વિવેકાનંદને 'ભારત માતા' વિશે દિવ્ય દ્રષ્ટિ પ્રાપ્ત થઈ હોવાનું માનવામાં આવે છે. પીએમ મોદીની મુલાકાત પહેલા સુરક્ષા વધારી દેવામાં આવી છે અને તેમના રોકાણ દરમિયાન સુરક્ષા માટે ૨૦૦૦ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે, ભારતીય કોસ્ટ ગાર્ડ અને ભારતીય નૌકાદળ પણ ચુસ્ત તકેદારી રાખશે.

વિવેકાનંદ રોક મેમોરિયલ સ્વામી વિવેકાનંદના માનમાં બનાવવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વામી વિવેકાનંદના વિચારોથી પ્રેરિત છે. ચેન્નાઈના માયલાપુરમાં શ્રી રામકૃષ્ણ મઠની ૧૨૫મી વર્ષગાંઠ દરમિયાન તેમણે કહ્યું હતું , કે તેમની સરકારની ફિલસૂફી સ્વામી વિવેકાનંદથી પ્રેરિત છે. નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "આપણી ગવર્નન્સ ફિલસૂફી પણ સ્વામી વિવેકાનંદથી પ્રેરિત છે. તેમણે કહ્યું કે, જ્યારે વિશેષાધિકારો સમાપ્ત થાય છે અને સમાનતા સ્થાપિત થાય છે, ત્યારે સમાજ પ્રગતિ કરે છે. તમે અમારા તમામ મોટા કાર્યક્રમોમાં આ અભિગમ જોઈ શકો છો. પહેલા મૂળભૂત સુવિધાઓને પણ વિશેષાધિકાર માનવામાં આવતું હતું. ઘણા લોકો પ્રગતિના લાભોથી વંચિત હતા.

### સાતમાં તબક્કાનું શનિવારે વોટિંગ થશે

# લોકસભા ચૂંટણીના છેલ્લા તબક્કાના મતદાન માટે પ્રચાર પડઘમ શાંત થયા

## સાતમા અને છેલ્લા તબક્કા અંતર્ગત ૧ જૂને ૮ રાજ્યો તથા સંઘ શાસિત પ્રદેશોની ૫૭ લોકસભા સીટો પર મતદાન

નવી દિલ્હી, તા.૩૦

૧૯ એપ્રિલથી શરુ થયેલી લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે હવે ચૂંટણી પ્રચાર થંભી ગયો છે. સાતમા અને છેલ્લા તબક્કા માટે પ્રચાર કરવાનો આજે ગુરુવારે અંતિમ દિવસ હતો. હવે તેના માટે શનિવારે વોટિંગ થશે અને ૪ જૂને પરિણામ સામે આવી જશે. લોકસભા ચૂંટણીના સાતમા અને છેલ્લા તબક્કા અંતર્ગત ૧ જૂને ૮ રાજ્યો તથા સંઘ શાસિત પ્રદેશોની ૫૭ લોકસભા સીટો પર મતદાન થશે. સાતમા તબક્કાની આ ચૂંટણી કેન્દ્રની સત્તાધારી પાર્ટી ભાજપ સાથે સાથે કોંગ્રેસ, ટીએમસી અને આમ આદમી પાર્ટી માટે કેટલીય રીતે મહત્વની થવા જઈ રહી છે. આ ૫૭ સીટો પર ૨૦૧૯માં થયેલી ચૂંટણી પરિણામની વાત કરીએ તો, ભાજપે એકલા ૨૫ સીટો પર જીત પ્રાપ્ત કરી હતી. જો કે, બાદમાં હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટ પર થયેલી પેટાચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ પાસેથી આ સીટ આંચકી લીધી હતી. તો વળી ભાજપના સહયોગી દળોની વાત કરીએ તો, જેડીયૂના ખાતામાં ૩ અને અપના દળના ખાતામાં ૨ સીટો આવી હતી. કુલ મળીને એનડીએ ગઠબંધન પાસે ૩૦ લોકસભા સીટો હતો અને મંડી લોકસભા પેટાચૂંટણીના પરિણામ બાદ આ ગઠબંધન પાસે ૨૯ સીટો રહી ગઈ હતી.

### બેંગલુરુમાં પોસ્ટ ઓફિસની બહાર લાંબી કતાર

# કોંગ્રેસ ૪ જૂન પછી દર મહિને ૮૫૦૦ રૂપિયા મોકલશે, અફવા બાદ મહિલાઓ પહોંચી પોસ્ટ ઓફિસ

## પોસ્ટ ઓફિસના ડેટા અનુસાર, છેલ્લા ૭ દિવસમાં લગભગ ૮ હજાર મહિલાઓએ IPPB એકાઉન્ટ ખોલાવ્યું

બેંગલુરુ, તા.૩૦

બેંગલુરુમાં પોસ્ટ ઓફિસની બહાર મહિલાઓની લાંબી કતારો જોવા મળી રહી છે, આમાંની મોટાભાગની મહિલાઓ મુસ્લિમ છે. કોઈએ એવી અફવા ફેલાવી છે કે, ૪ જૂન પછી કોંગ્રેસ પાર્ટી મહિલાઓના ખાતામાં દર મહિને ૮૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કરશે. આ અફવાને સાચી માનીને મહિલાઓ પોસ્ટ ઓફિસ દ્વારા બચત ખાતા ખોલાવી રહી છે. મોટી સંખ્યામાં મહિલાઓ તેમના ખાતા ખોલાવી રહી છે. જેને પગલે પોસ્ટ ઓફિસની બહાર મહિલાઓની લાંબી કતારો લાગી છે.

પોસ્ટ ઓફિસના ડેટા અનુસાર, છેલ્લા ૭ દિવસમાં લગભગ ૮ હજાર મહિલાઓએ IPPB એકાઉન્ટ ખોલાવ્યું છે. બેંગલુરુમાં જનરલ પોસ્ટ ઓફિસની બહાર મહિલાઓની લાંબી કતારો જોવા મળી રહી છે. સેંકડો મહિલાઓ IPPB એટલે કે ઈન્ડિયન પોસ્ટ પેમેન્ટ્સ બેંક ખાતા ખોલવા માટે લાઈનમાં ઉભી છે. પોસ્ટ ઓફિસના અધિકારીઓ પણ આનું કારણ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા. હકીકતમાં, કોઈએ આ મહિલાઓને કહ્યું કે, કોંગ્રેસે તેના ચૂંટણી ઢંઢેરામાં મહિલોઓને દર મહિને ૮૫૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે, તે પૈસા આ IAPPAB એકાઉન્ટમાં જમા કરવામાં આવશે.

બેંગલુરુની જનરલ પોસ્ટ ઓફિસના ચીફ પોસ્ટ માસ્ટર એચ.એમ. મંજેશના જણાવ્યા અનુસાર, લગભગ તમામ DBT યોજનાઓના પૈસા IPPB ખાતામાં જમા થાય છે. પરંતુ હજુ સુધી એવી કોઈ માહિતી મળી નથી કે, આ ખાતાઓમાં ૮૫૦૦ રૂપિયા જમા થશે. પરંતુ છેલ્લા દસ દિવસથી અચાનક મહિલાઓ ખાતુ ખોલાવવા આવી રહી છે. સામાન્ય રીતે દરરોજ ૫૦ ખાતા ખોલવામાં આવતા હતા પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી દરરોજ ૮૦૦ મહિલાઓ તેમના IPPB ખાતા ખોલવા આવી રહી છે.મહિલાઓને લાગે છે કે, ૪ જૂનથી કોંગ્રેસ દર મહિને ૮૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કરશે. આથી આ તમામ મહિલાઓ વહેલી તકે તેમના ખાતા ખોલાવવા માટે પોસ્ટ ઓફિસ પહોંચી રહી છે. જો કે, પોસ્ટ ઓફિસના કર્મચારીઓ તેમને સમજાવી રહ્યા છે કે, સરકારની આવી કોઈ યોજના નથી પરંતુ તેઓ તેમ છતાં તેમનું ખાતું ખોલાવવા માંગે છે. તેથી પોસ્ટ ઓફિસમાં આ માટે ખાસ કાઉન્ટર બનાવવામાં આવ્યા છે.

### રામભાઈએ કહ્યું દિલથી ભષ્ટ્રાચાર થાય છે

# સાંસદ રામ મોકરિયાએ ફાયર વિભાગને NOC માટે રૂપિયા આપ્યા હોવાનો ખુલાસો

## પ્લાન પાસ કરાવા ૭૦ હજાર રૂપિયા આપ્યા હોવાનો ખુલાસો થયો છે ચીફ ફાયર ઓફિસર ઠેબાને રૂપિયા ૭૦ હજાર આપ્યા હતા

રાજકોટ, તા.૩૦

રાજકોટ અગ્નિકાંડ બાદ રાજકોટ પોલીસની સાથે સાથે રાજકોટ મહાનગર પાલિકાના ફાયર વિભાગ પર પણ સવાલો ઉઠવા લાગ્યા છે. ત્યારે હવે રાજકોટ ભાજપના જ સાંસદ રામ મોકરિયાએ જ ફાયર વિભાગના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરીને ચોંકાવનારો ખુલાસો કર્યો છે. સાંસદ રામ મોકરિયાએ ફાયર વિભાગને ર્દ્રઝ માટે રૂપિયા આપ્યા હોવાનો ખુલાસો થયો છે. પ્લાન પાસ કરાવા ૭૦ હજાર રૂપિયા આપ્યા હોવાનો ખુલાસો થયો છે. ચીફ ફાયર ઓફિસર ઠેબાને રૂપિયા ૭૦ હજાર આપ્યા હતા.

રામ મોકરિયા ત્યાં સુધી બોલ્યા કે, પ્લાન પાસ કરાવવા, ફાયર NOC મેળવવા પૈસા આપવા જ પડે ને? પૂછો બિલ્ડર એસોસિએશનને. અત્રે ઉલ્લેખનિય છે કે, રામ મોકરિયાએ રાજકોટમાં ભાજપા કાર્યાલય નજીક સર્વે નંબર ૧૦૫ માં ૨૭,૦૦૦ વાર જમીન પર બિલ્ડીંગનો પ્લાન જેતે સમયે મહાનગરપાલિકામાં મૂકેલો. તત્કાલીન ફાયર ઓફિસર ઠેબા દ્વારા આ મામલામાં જેતે સમયે મોકરિયા પાસેથી રૂ. ૭૦,૦૦૦ લેવામાં આવેલાં. મોકરિયા સૌને સામો પ્રશ્ન પૂછે છે, મહાનગરપાલિકામાં કોણ પૈસા નથી લેતું ? ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખા ઠેબાની હાલમાં ક્રાઈમ બ્રાન્ચમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. રામ મોકરિયાએ મીડિયા સાથે હાલમાં વાત કરવાની ના પાડી પરંતુ કહ્યું હા મારી પાસેથી રૂપિયા લીધા હતા.રામ મોકરીયા માત્ર બિઝનેસમેન હતા ત્યારે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાંધકામ માટેના ફાયર એનઓસી માટે લેવા માટે ૭૦ હજાર રૂપિયા લેવામાં આવ્યા હતા. બાદમાં રામ મોકરીયા સાંસદ બન્યા ત્યારે ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબા પાસેથી ૭૦ હજાર રૂપિયા મંગાવ્યા હતા. ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખા ઠેબાએ કવરમાં ૭૦ હજાર નાખી રામ મોકરીયાને પરત આપ્યાનો દાવો છે. રામ મોકરિયાનું આ પ્રકરણ રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ગાજી રહ્યું છે. રાજકોટ ભાજપા, રાજકોટ મહાનગરપાલિકા અને ગુજરાત ભાજપા ઉપરાંત ખુદ ગુજરાત સરકાર આ પ્રકરણમાં બચાવની સ્થિતિમાં મૂકાઈ ગયા છે. મોડેથી એમ પણ જાણવા મળેલ છે કે, રામ મોકરિયા અને એક પત્રકાર વચ્ચે પણ સારી એવી બબાલ થઈ હતી. મોકરિયા એ સમયે રિપોર્ટર પર ગરમ થઈ ગયા હતાં.

### પેટ્રોલનો કેટલો જથ્થો રાખી શકાય તેનો જવાબ કલેક્ટરે ટાળ્યો

# રાજકોટમાં શાળા-કોલેજો, કલાસીસ વગેરે પરનાં ડોમ સ્ટ્રકચર દૂર કરાશે : કલેક્ટર

## પેટ્રોલ ડીઝલના આ જંગી જથ્થો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે જેમાં જવાબદારો સામે પગલા લેવામાં આવશે

રાજકોટ, તા.૩૦

રાજકોટ અગ્નિકાંડ બાદ આજે ચોથા દિવસે જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ પ્રેસ મીડિયાને સંબોધન કર્યું હતું. જેમાં રાજકોટમાં શાળા-કોલેજો અને કલાસીસ સહિતના સ્થળો પર ગેરકાયદે ખડકાયેલા ડોમ સ્ટ્રકચરને હટાવવામાં આવશે, તેવું જણાવ્યું હતું. જો કે ગેમ ઝોનમાં પેટ્રોલ કે ડીઝલનો હજ્જારો લીટરનો જથ્થો હોવાના મામલે પત્રકારોએ પૂછ્યું કે પેટ્રોલનો મહત્તમ કેટલો જથ્થો રાખી શકાય? ત્યારે જિલ્લા કલેક્ટર કોઈ જવાબ આપી શક્યા નહોતા. જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, શાળા-કોલેજો વગેરે પરથી ડોમ સ્ટ્રક્ચર દૂર કરવા રાજકોટ મ્યુનિ.કોર્પો.-રૂડા સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓની બેઠક બોલાવી તાકીદ કરવામાં આવશે. ઉપરાંત ટીઆરપી અગ્નિકાંડ સમયે ત્યાં સ્થળ પર ૩૦૦૦ લીટર પેટ્રોલ-ડીઝલ સંગ્રહિત હોવાનું ખુલ્યા બાદ આ અંગે કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે પેટ્રોલ ડીઝલના આ જંગી જથ્થો અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં જવાબદારો સામે પગલા લેવામાં આવશે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે ટીઆરપી અગ્નિકાંડ પ્રકરણમાં સીટ તેમજ રાજકોટ શહેર પોલીસ દ્વારા તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. ટીઆરપી અગ્નિકાંડમાં ૨૭ વ્યકિતઓના મોત નિપજ્યા છે.

કલેકટર પ્રભવ જોશીએ વિશેષમાં એવું પણ જણાવ્યું હતું કે શહેરમાં શાળા, કોલેજો, કલાસીસો, કોમ્પ્લેક્ષો, સહિતના સ્થળો પર અનઅધિકૃત રીતે જે ડોમ સ્ટ્રકચર ખડકાયેલું છે તેને વહેલી તકે દુર કરવા માટે તેઓ મ્યુ.કોર્પો., રૂડા સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓની બેઠક બોલાવી તાકીદ કરશે.ઉલ્લેખનીય છે કે ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં ભારે હાહાકાર મચાવી દીધો છે આ અગ્નિકાંડના પગલે શાળા, કોલેજો, કલાસીસો, કોમ્પલેક્ષો સહિતના સ્થળો પર ફાયર સિસ્ટમ અને ફાયર એનઓસીની છે કે કેમ તેની વિગતો તાડબતોબ મગાવવાનું રાજય સરકાર દ્વારા શરૂ કરી દેવામાં આવ્યું છે.

રાજય સરકારની સાથે વહીવટી તંત્ર દ્વારા પણ આ મામલે સાવચેતી પૂર્વક તાબડતોબ પગલા લેવાનું શરૂ કરી દેવાયું છે. રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર આ ટીઆરપી અગ્નિકાંડના પગલે એકશન મોડમાં આવી ગઈ છે.

### લાખોની સંપત્તિનો નાશ થયો

# ઉત્તરકાશીના જંગલમાં લાગેલી આગ કાબૂ બહાર

## જંગલમાં આગની માહિતી મળતા જ, વન વિભાગ, એસડીઆરએફ, એનડીઆરએફ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે

નવી દિલ્હી, તા.૩૦

ઉત્તરકાશી ફોરેસ્ટ ડિવિઝન અને અપર યમુના ફોરેસ્ટ ડિવિઝનના જંગલો આ દિવસોમાં આગની લપેટમાં છે. લાખોની કિંમતની વનસંપત્તિ બળીને રાખ થઈ ગઈ છે. પહાડોમાં લાગેલી આગને કારણે વન્ય પ્રાણીઓનું અસ્તિત્વ પણ જોખમમાં છે. તે જ સમયે, જંગલમાં આગની માહિતી મળતા જ, વન વિભાગ, એસડીઆરએફ, એનડીઆરએફ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે.વરુણાવત-ગુફાયરા વિસ્તારની સાથે સાથે ગંગા અને યમુનાના જંગલોમાં પણ આગ ફેલાઈ રહી છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ અને યાત્રાળુઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જંગલની આગમાંથી નીકળતા ધુમાડાએ આસપાસના સમગ્ર વિસ્તારને ધુમ્મસની ચાદરથી ઢાંકી દીધો છે. જેના કારણે સમગ્ર વિસ્તારમાં ગરમી ઝડપથી વધી છે.સ્થાનિક લોકોએ રેન્જ ઓફિસર બડાઘાટને ફોન દ્વારા જંગલમાં લાગેલી આગ અંગે જાણ કરી હતી. આગની માહિતી મળ્યા પછી, 5 SDRF, 16 સભ્યોની NDRF ટીમ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ/QRT ટીમ સાથે 12 વન વિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.ઉત્તરકાશી જિલ્લા મુખ્યાલયને અડીને આવેલા વરુણાવર્ત પહાડીમાં લાગેલી આગ ઝડપથી ફેલાઈ રહી છે. જોકે, ફોરેસ્ટ અને એનડીઆરએફ સહિતની ક્યુઆરટી ટીમ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ આગ કાબુ બહાર જઈ રહી છે.આ પહેલા નૈનીતાલના કૈંચી ધામ મંદિરની આસપાસના જંગલમાં ભીષણ આગ લાગી હતી. જોરદાર પવન સાથે આગ સતત ફેલાઈ રહી છે. મળતી માહિતી મુજબ, કૈંચી ધામ મંદિરની પાસે પાઈનના જંગલો છે. જેના કારણે આ આગ પર કાબૂ મેળવવો થોડો મુશ્કેલ બની રહ્યો છે.રાજ્યની અમૂલ્ય વનસંપત્તિ આગના કારણે નાશ પામી રહી છે. કુમાઉ ડિવિઝનના પિથોરાગઢમાં સૌથી વધુ આગની ઘટનાઓ નોંધાઈ હતી જયાં હાલ પરિસ્થિતિ કાબૂમાં છે. આ સિવાય અલમોડા. નૈનીતાલ, ચંપાવત, બાગેશ્વર જેવા જિલ્લાના ઘણા જંગલ વિસ્તારો પણ આગની ઝપેટમાં આવ્યા હતા, જેમાંથી બાગેશ્વર અને ચંપાવતના મોટાભાગના વિસ્તારોમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. ગઢવાલ ડિવિઝનની વાત કરીએ તો નરેન્દ્ર નગર, ઉત્તરકાશી, મસૂરી, કોટદ્વાર, ટિહરી ગઢવાલ, ગોપેશ્વર, રુદ્રપ્રયાગ જેવા ઘણા જંગલ વિસ્તારો આગની લપેટમાં છે. આમાંથી કેટલીક જગ્યાએ આગને કાબૂમાં લેવામાં આવી છે. જયારે હજુ પણ કેટલીક જગ્યાએ આગ બળી રહી છે. ઉત્તરાખંડ વન વિભાગના જણાવ્યા અનુસાર, 749.6375 આરક્ષિત વન વિસ્તાર (હેક્ટર) આગથી પ્રભાવિત થયો છે.

### દોઢ લાખથી વધુ મુસાફરો પ્રભાવિત

# ગુજરાતથી મુંબઈ રેલ વ્યવહાર ૨૪ કલાકથી ઠપ

## પાલઘરમાં યાર્ડમાં સ્ટીલ કોઇલ્સ લઇ જતી ગુડ્ઝ ટ્રેનના ગાર્ડ સહિતના ૭ વેગન પાટા પરથી ખડી પડતા સ્થિતિ સર્જાવા પામી

ભરૂચ, તા.૩૦

દેશની લાઈફલાઈન રેલવેનો મુંબઈ-ગુજરાત વચ્ચેનો રેલ વ્યવહાર છેલ્લા ૨૪ કલાકથી ખોરવાઈ ગયો છે. પાલઘરમાં યાર્ડમાં મંગળવારે સાંજે સ્ટીલ કોઈલ્સ લઈ જતી ગુડ્ઝ ટ્રેનના ગાર્ડ સહિતના ૭ વેગન પાટા પરથી ખડી પડતા સ્થિતિ સર્જાવા પામી છે. ગુડ્ઝ ટ્રેન ડીરેઈલ થતા જ રેલવે તંત્રે નંદુરબાર, ઉધના, બાંદ્રા અને વલસાડથી ટ્રેક રિસ્ટોરેશન માટે એક્સિડન્ટ રિલીફ ટ્રેનો તાબડતોબ રવાના કરી હતી. બીજી તરફ યાત્રીઓની સુવિધા માટે સુરત, ઉધના અને વાપી સ્ટેશને હેલ્પ ડેસ્ક શરૂ કરી દેવાયા હતા. સુરતથી મુંબઈ જતા અપલાઈનના ટ્રેક તેમજ ઓવર હેડ લાઈનને ભારે નુકસાન થતા ગુજરાતથી મુંબઈ તરફ જતો ટ્રેન વ્યવહાર ઠપ થઈ ગયો હતો.મંગળવાર સાંજથી જ રેલવે તંત્ર દ્વારા સુરત-મુંબઈ સેક્શન વચ્ચે લોકલ ટ્રેન તેમજ સુરતથી મુંબઈ જતી ટ્રેનોને ડાયવર્ટ, શોર્ટ ટર્મિનેટ, રદ, આંશિક રદ અને રિશિડ્યુલ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ટ્રેક અને ઓવર હેડ લાઈનને ભારે નુકસાન સાથે પાટા પરથી ખડી પડેલા વેગન સાથે સ્ટીલ કોઈલ્સના રોલ હટાવવા ભારે ભરખમ મશીનરી તેમજ મેન પાવર યુદ્ધના ધોરણે કામે લગાડી દેવાયો હતો. બુધવારે સવારથી સાંજે ૪ વાગ્યા સુધીમાં પશ્ચિમ રેલવેએ ૯૪થી વધુ ટ્રેનો કેન્સલ, ડાયવર્ટ, શોર્ટ ટર્મિનેટ અને રિશિડ્યુલ કરતા દોઢ લાખથી વધુ મુસાફરો વેકેશન તેમજ ચાર ધામ યાત્રા વચ્ચે પ્રભાવિત થયા હતા. અટવાઈ ગયેલા મુસાફરો માટે અંકલેશ્વર, સુરત, વાપી, વલસાડ, ઉધના સ્ટેશને પાણી, નાસ્તા અને બસની વ્યવસ્થા કરાઈ હતી. આ ઉપરાંત રિફંડ કાઉન્ટરો પણ ધમધમતા કરાયા હતા. અંકલેશ્વર સ્ટેશને બિકાનેરથી દાદર જતી ટ્રેનને ટૂંકાવી દઈ ૧૭૦૦ મુસાફરો માટે ૧૦ એસ.ટી. બસની વ્યવસ્થા કરાઈ હતી. આણંદ રેલવે સ્ટેશન પર આજે બપોરે અમદાવાદ તરફથી આવતી બિકાનેર એક્સપ્રેસ ટ્રેનને અટકાવી દઈ રેલવે તંત્ર દ્વારા ત્યાંથી મુસાફરોને ચાલુ રૂટ તથા એક્સ્ટ્રા ૨૪ બસ દ્વારા તેમના સ્થળોએ મોકલવાની વ્યવસ્થા કરાઈ હતી. જેના કારણે મોટી સંખ્યામાં મુસાફરો અટવાઈ ગયા હતા અને તેમને બસ માર્ગે જવાની ફરજ પડી હતી. તમામ મુસાફરો માટે રેલવે તંત્ર દ્વારા રિફંડની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

### છેલ્લા બે દિવસમાં તાપમાનમાં સામાન્ય ઘટાડો

# રાજ્યમાં લોકોને અંગ દઝાડતી ગરમીમાંથી આશિંક રાહત મળી

## રાજયમાં મે મહિનામાં ૪૫થી ૪૭ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું જેમાં હવે આશિંક ઘટાડો થતા ૪૨ ડિગ્રી સેલ્સિયસે પંહોચ્યું છે

અમદાવાદ, તા.૩૦

રાજયમાં લોકોને અંગદઝાડતી ગરમીમાંથી આશિંક રાહત મળી છે. છેલ્લા બે દિવસમાં તાપમાનમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો. રાજયમાં મોટાભાગના શહેરોનું તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ નોંધાયુ. તાપમાન ઘટવાની સાથે ચોમાસા પહેલા પ્રી-મોનસૂન એક્ટિવિટી જોવા મળી. હવામાન વિભાગ મુજબ ૩૦ કિમી પ્રતિ કલાક ઝડપથી પવન ફુંકાશે. રાજયમાં મે મહિનામાં ૪૫થી ૪૭ ડિગ્રી તાપમાન જોવા મળ્યું હતું. જેમાં હવે આશિંક ઘટાડો થતા ૪૨ ડિગ્રી સેલ્સિયસે પંહોચ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજયમાં ૧૫ જૂન આસપાસ ચોમાસાનું આગમન થશે. હાલમાં અમદાવાદ,ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું. દેશમાં ઉત્તરનાભાગોમાં ગરમીનો પારો જોવા મળ્યો છે. જ્યારે દક્ષિણના ભાગોમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. કેરળમાં ચોમાસાનું આગમન થઈ ચૂકયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દેશમાં ઝારખંડ, પ્રયાગરાજ, ગુજરાત સહિત બિહારમાં હજુ પણ ગરમી પડશે. ૩૦ અને ૩૧ મેના રોજ ઉનાળાની સ્થિતિ એવી જ રહેશે. આ પછી જ હવામાનમાં પલટો આવવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જો કે આનાથી ગરમીથી રાહત નહીં મળે. અત્યારે ગુજરાત કાળઝાળ ગરમીમાંથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. જો કે હિટવેવથી જરૂર મુક્તિ મળશે.

### વધુ એક મોટી લાંચ રૂશ્વતની ઘટના સામે આવી

# પોલીસકર્મીઓની દાદાગીરી, ૩ અરજીના નિકાલ માટે માંગી ૧૦ લાખની લાંચ

ઈડર, તા.૩૦

ઈડરના જાદર પોલીસ સ્ટેશનના બે પોલીસ કોન્સ્ટેબલોએ એક ફરિયાદી સામે થયેલ ત્રણ અરજીનો નિકાલ કરવા તથા હેરાન નહી કરવા રૂ.૧૦,૦૦,૦૦૦ ની લાંચ માંગી હતી. જેમાં પાંચ લાખનો પહેલો હપ્તો લેવા બન્ને કોન્સ્ટેબલો ફરિયાદી પાસે આવ્યા હતા. જોકે એન્ટી કરપ્શન બ્યુરો(એસીબી)ની ટીમને જોઈને બન્ને આરોપી કારમાં ભાગી ગયા હતા. પોલીસે બન્ને સામે ગુનો નોંધીને તેમની સોધ હાથ ધરી છે.

આ કેસની વિગત મુજબ ફરિયાદી સામે ઈડરના જાદર પોલીસ સ્ટેશનમાં ત્રણ અરજી થયેલી હતી. ઉપરાંત ફરિયાદીએ પણ આ જ પોલીસ સ્ટેશનમાં અરજી કરેલી કરેલી હતી. ફરિયાદીની અરજી પરત લેવા, હેરાન નહી કરવા તથા તેની વિરૂધ્ધ થયેલી ત્રણ અરજીનો નિકાલ કરવા માટે જાદર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ પિયુશ રામદજીભાઈ પટેલ અને પોલીસ કોન્સ્ટેબલ રમેશ રાયચંદજી રાઠોડે રૂ.૧૦,૦૦,૦૦૦ ની લાંચની માંગમી કરી હતી. દરમિયાન આરોપીઓએ તેને પહેલા પાંચ લાખ કે જેટલી વ્યવસ્થા થાય તેટલા નાણાં લઈને ફરિયાદીને ઈડર હિંમતનગર રોડ પરની આશિષ હોટેલ સામે આવવા જણાવ્યું હતું. બીજીતરફ ફરિયાદીએ એસીબીમાં ફરિયાદ નોંધાવતા અધિકારીઓએ અહીં જાળ બિછાવી હતી. દરમિયાન ફરિયાદી ચાર લાખ રુપિયા લઈને આવ્યો હતો. જ્યાં બન્ને કોન્સ્ટેબલોએ તેની સાથે વાતચીત કરીને નામાંની માંગણી કરી હતી. ફરિયાદીએ ચાર લાખ રૂપિયા બન્નેને આપી દીધા હતા.


પરંતુ એસીબીની ટીમને જોઈને બન્ને કોન્સ્ટેબલો નાણાં લઈને કારમાં ભાગી છુટ્યા હતા. આ અંગે બન્ને વિરૂધ્ધ ગુનો નોંધીને તેમની શોધ હાથ ધરવામાં આવી છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કારધામ દ્વારા વિધવા બહેનો, વૃધ્ધો અને બાળકોનો પ્રવાસ યોજાયો











માનવ સેવાની અખંડ જયોત જગાવતી ચલાલાની યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા વિવિધ આરોગ્યલક્ષી કેમ્પો, વિકલાંગો માટેના સહાય કેમ્પો અને આધ્યાત્મિક કાર્યક્રમો તો થાય જ છે. પરંતુ આ સાથે તાજેતરમાં એક નવીનત્તમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચલાલાની વિધવા બહેનો તથા વૃધ્ધાશ્રમના વૃધ્ધો તેમજ આશ્રમના બાળકોનો વિનામૂલ્યે ૯૧ લોકોએ યાત્રા પ્રવાસનો લાભ લીધો હતો. આ યાત્રા પ્રવાસ ચલાલા ગાયત્રી મંદિરથી ભીમનાથ, ભુરખીયા, ગઢડા સ્વામીના, પાળીયાદ, શાળંગપુર, શનિદેવ, કુંડળ, રોહીશાળા, અયોધ્યાપુરમ, રાજપરા ખોડીયાર. આ સંસ્થાના શિલ્પી પૂ. શ્રી ડો. રતિદાદાએ જણાવ્યું હતું કે દરેક વિધવા બહેનો, વૃદ્ધો તથા બાળકોએ ધાર્મિકતાનો ઉત્સવ આનંદથી ઉજવ્યો જેનાથી અમે ધન્યતા અનુભવીએ છીએ. વિધવા બહેનો, વૃધ્ધો તથા બાળકોએ તેમના પ્રત્યુતરમાં સંસ્થાનો આભાર વ્યકત કરતા જણાવ્યું કે આવા સમાજના નાનપ અનુભવતા અને બેસહારાઓને આ પુણ્ય કર્યાનો લાભ આપી સાચા અર્થમાં સેવાનું કાર્ય કર્યુ છે. આ કાર્યથી બધા ખુશ.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં તાલુકા ફરે**

રાજુલામાં એસ.ઓ.આર.નાં ભાવો વધારે છે. અર્થાત જિલ્લાનાં દરેક તાલુકાઓમાં એસઓઆરમાં વિસંગતતતા છે.

જેથી નીચા એસ.ઓ.આર. ધરાવતા તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં કામ કરતા સરપંચઓને વિકાસ કાર્યો કરવામાં ખુબ જ મુશ્કેલીઓ પડી રહી છે. સરકારની વિકાસલક્ષી કોઈપણ ગ્રાન્ટ હોય તે તમામ ગ્રાન્ટના એસ.ઓ.આર. દરેક તાલુકામાં એક સરખા જ હોવા જોઈએ. જેથી સરપંચોની રજુઆતોના આધારે જિલ્લા વિકાસ અધિકારી, અમરેલીને લેખીત તેમજ ટેલીફોનીક રજુઆત કરી આ અંગે તાત્કાલીક નિર્ણય લેવા અને હવેથી બહાર પડતા તમામ ટેન્ડરો અને વહીવટી પ્રક્રિયાઓમાં એસ.ઓ.આર. એક સમાન રહે તેવો દરેક તાલુકા વિકાસ અધિકારીને પરીપત્ર કરવા બાબતે રજુઆત કરી છે.

સાંસદની અસરકારક રજુઆતના અનુસંધાને ડીડીઓએ પણ આ અંગે સત્વરે નિર્ણય કરવામાં આવશે અને દરેક તાલુકાઓમાં એક સમાન એસ.ઓ.આર. અંગેનો પરીપત્ર બહાર પાડવામાં આવશે તેવી ખાત્રી આપેલ હોવાનું સાંસદ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૦૫ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૧૧૩૦ | ૧૨૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૪૭૦ | ૨૬૭૦ |
| ૪ | જીરૂ | ૪૮૨૫ | ૫૫૭૫ |
| ૫ | ઘઉં | ૪૮૦ | ૫૫૦ |
| ૬ | ચણા | ૧૧૬૦ | ૧૩૨૦ |
| ૭ | એરંડા | ૯૧૭ | ૧૦૪૩ |
| ૮ | બાજરો | ૪૧૨ | ૪૪૮ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૦ | ૧૨૨૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૨૨ |
| ૩ | શિંગદાણા | ૧૬૨૦ | ૧૬૫૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૩૦૦ | ૧૬૧૮ |
| ૫ | તલ સફેદ | ૧૬૮૬ | ૩૧૩૦ |
| ૬ | તલ કાળા | ૨૭૭૦ | ૩૩૮૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૬૯૬ | ૩૦૩૫ |
| ૮ | બાજરો | ૩૬૦ | ૪૫૭ |
| ૯ | જુવાર | ૭૭૮ | ૮૩૬ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૩ | ૫૭૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૪૨ | ૫૭૪ |
| ૧૨ | મકાઈ | ૪૪૩ | ૪૪૩ |
| ૧૩ | મગ | ૧૦૦૦ | ૧૬૨૭ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૩૨૮ |
| ૧૫ | તુવેર | ૧૦૨૫ | ૨૦૯૬ |
| ૧૬ | કપાસ | ૧૦૧૯ | ૧૫૦૭ |
| ૧૭ | એરંડા | ૬૨૫ | ૧૦૬૦ |
| ૧૮ | જીરૂ | ૨૫૦૦ | ૫૫૩૦ |
| ૧૯ | રાયડો | ૮૦૦ | ૧૦૧૫ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૨૧ | ધાણી | ૧૦૦૫ | ૧૫૫૫ |
| ૨૨ | મેથી | ૮૦૦ | ૧૨૩૫ |
| ૨૩ | સોયાબીન | ૮૧૫ | ૮૭૨ |
| ૨૪ | મરચા લાંબા | ૭૬૦ | ૩૦૦૦ |
| ૨૫ | વરીયાળી | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૨૬ | સુર્યમુખી | ૭૯૫ | ૮૫૦ |

# અમરેલીનાં ડો. ચંદ્રેશ ખૂંટના પરિવારનું રૂપિયા ૨૧ લાખનુ અનુદાન



અમરેલી, તા.૩૦

ફાર્મા ક્ષેત્રમાં અગ્રણી એપેક્ષ ફાર્મા કેમના ભવાનભાઈ શામજીભાઈ ખુંટ તથા તેમના પુત્રો ડા. ચંદ્રેશભાઈ તથા દિનેશભાઈ ખુંટ પરિવાર ગામ: અકાળા, લાઠી, તરફથી સુરત ખાતે આવેલ સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સંચાલિત કિરણ મહિલા ભવનના ભૂમિપૂજન પ્રસંગે હોસ્ટેલ પ્રોજેક્ટ માટે રૂા. ૨૧ લાખનું માતબર દાનનો આપવાનો શુભ સંકલ્પ કર્યો છે.

આ પ્રસંગે કિરણ મહિલા ભવનના આગેવાન અતુલભાઈ નાકરાણી તથા સી. કે. જીયાણીની લાગણીને માન આપીને એપેક્ષ ફાર્મા કેમના દિનેશભાઈ ખુંટ દાતા ટ્રસ્ટી બનવાની સંમતિ આપી છે. જેની સંસ્થાએ નોંધ લેતા આભાર ભાવ સાથે આવકારી ખુંટ પરિવારને સગૌરવ અભિનંદન પાઠવ્યા હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૨ | ૧૪૪૧ |
| ૨ | મગ | ૧૬૯૪ | ૧૬૯૪ |
| ૩ | ચણા | ૧૨૫૦ | ૧૨૯૦ |
| ૪ | જુવાર સફેદ | ૮૨૩ | ૮૩૦ |
| ૫ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |
| ૬ | તલ સફેદ | ૨૬૫૦ | ૨૬૫૦ |
| ૭ | બાજરો | ૪૭૭ | ૪૭૭ |
| ૮ | જીરૂ | ૫૩૦૧ | ૫૩૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૧૨૦૦ | ૧૩૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૨૦૦ |
| ૩ | શીંગ નવી | ૧૧૦૦ | ૧૨૭૧ |
| ૪ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૭૨૧ |
| ૫ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૫૧ |
| ૬ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૦૦ |
| ૭ | જીરૂ | ૪૫૦૦ | ૫૪૫૦ |
| ૮ | કપાસ | ૧૩૪૪ | ૧૪૯૫ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૭૧ |
| ૧૧ | બાજરો | ૩૪૦ | ૪૪૦ |
| ૧૨ | જુવાર | ૪૦૫ | ૮૩૫ |
| ૧૩ | મગ | ૧૪૫૦ | ૧૬૪૦ |
| ૧૪ | મેથી | ૧૦૦૦ | ૧૧૫૧ |
| ૧૫ | ચણા | ૧૨૨૦ | ૧૩૧૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૨૨૫ | ૧૩૩૦ |
| ૧૭ | એરંડી | ૯૦૦ | ૧૦૫૭ |
| ૧૮ | અડદ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ૧૯ | રાય/રાયડો | ૯૫૦ | ૧૨૪૦ |
| ૨૦ | ધાણા | ૧૦૫૦ | ૧૩૦૨ |
| ૨૧ | સોયાબીન | ૮૫૧ | ૯૦૧ |

પાના ૧ ઉપરનું ચાલું **નાની ધારીમાં જમીન બાબતની**

વડે આરોપીએ ફરિયાદીના ડાબા હાથને કાંડાના ભાગેથી કાપી નાખી જુદો કરી નાખેલ અને તેમની સાથે રહેલ બીજા આરોપીએ લોખંડની પાઈપ વડે ફરિયાદીને ડાબે પગે એક ઘા મારી ત્યારબાદ બંને આરોપીઓએ ફરિયાદીને ઢીકાપાટુ વડે મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી તે અંગેની ફરિયાદ ખાંભા પોલીસ સ્ટેશનમાં આ કામના ફરિયાદીએ આપેલ. તે ફરિયાદ અનુસંધાને ખાંભા પોલીસ તરફથી તપાસના અંતે આ કામના આરોપીઓ રણજીતભાઈ ધીરૂભાઈ વાળા તથા પ્રતાપભાઈ મધુભાઈ માંજરીયા વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૩, ૩૨૬, ૩૪, ૧૨૦(બી), ૪૪૭, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

આ કામે ચાર્જશીટ થયા પછી ધારી ના એડીશનલ સેશન્સ જજ શ્રી એમ.એન. શેખ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ અને ફરિયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે ઘણા મૌખીક તથા લેખિત પુરાવાઓ રજુ કરવામાં આવેલ તેમજ આ કામે ડોકટર તથા તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની પણ ટ્રાયલ દરમિયાન લેવામાં આવેલ હતી.

તેમ છતા આ કામ ના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતા આ કામ ના બંને આરોપીઓને નિદોષ છોડી મુકવાનો હુકમ એડી. સેશન્સ કોર્ટ ધ્વારા કરવામાં આવેલ છે. આ કેસમાં આરોપીઓ તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી તથા એડવોકેટ વી.એ. વાળા તથા એડવોકેટ યુ.એચ. દેવાયતકા તથા એડવોકેટ એસ.બી. ભગત રોકાયેલ હતા. આમ આ કામ ના બંને આરોપીઓને એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા વી.એ. વાળાની દલીલોને ધ્યાને લઈ નામદાર કોર્ટ દવારા નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ એડીશનલ સેશન્સ જજ શ્રી એમ.એન. શેખ દ્વારા કરવામાં આવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૩૪૫ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૧૦૭ |
| ૩ | ઘઉં | ૩૮૫ | ૫૨૧ |
| ૪ | ચણા | ૧૨૫૦ | ૧૨૮૬ |
| ૫ | મગ | ૧૨૦૫ | ૧૫૯૦ |
| ૬ | તલ | ૨૩૫૫ | ૨૬૩૦ |
| ૭ | મકાઈ | ૩૧૦ | ૩૧૦ |
| ૮ | બાજરો | ૪૩૦ | ૪૩૦ |
| ૯ | ધાણા | ૧૧૪૦ | ૧૧૪૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૨ | ચણા | ૧૨૮૨ | ૧૩૦૦ |
| ૩ | ધાણા | ૧૧૦૦ | ૧૪૦૧ |
| ૪ | ઘઉં લોકવન | ૩૮૦ | ૫૦૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૨ | ૫૧૯ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૨૧૦૫ |
| ૭ | મેથી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| ૮ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૬૦૬ |
| ૯ | સીંગફાડા | ૧૩૯૦ | ૧૪૦૦ |
| ૧૦ | સોયાબીન | ૮૨૧ | ૮૬૨ |
| ૧૧ | મગ | ૧૪૦૦ | ૧૬૨૧ |
| ૧૨ | એરંડી | ૧૦૫૩ | ૧૦૬૦ |
| ૧૩ | મગફળી | ૧૦૫૫ | ૧૧૨૨ |
| ૧૪ | અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૨૭૨ | ૧૨૭૩ |
| ૧૬ | જુવાર | ૬૩૧ | ૬૩૧ |
| ૧૭ | શીંગદાણા | ૧૪૬૦ | ૧૫૪૫ |

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં રવિવારે ''નિત્યમ વિદ્યા સંકુલ''નું**

કેળવણીકાર હસમુખ પટેલ ધ્વારા વિદ્યાસંકુલનો પ્રારંભ થવા જઈ રહ્યો છે.

વિદ્યા સંકુલમાં બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ, રહેવા અને જમવાની ઉત્તમ વ્યવસ્થા અને સ્પોર્ટસમાં પણ બાળકો તેજસ્વી બને તે માટે વિશાળ પટાંગણમાં વિવિધ સુવિધા ઉભી કરવામાં આવી છે અને ''નિત્યમ વિદ્યા સંકુલ'' આગામી વર્ષોમાં સમગ્ર રાજયમાં શિક્ષણક્ષેત્રે જબ્બરી કામગીરી કરશે જ તેવો આશાવાદ શિક્ષણપ્રેમીઓમાં પણ જોવા મળી રહ્યો છે.


**સંકુલ BA-B.Com.-BBA-BCA-B.Sc.-B.Ed. પ્રવેશ**
**MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT પ્રવેશ**

* B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – બાયોટેક્નોલોજી – (બાયોકેમેસ્ટ્રી)
* BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
* B.Com & M.Com બન્ને મિડીયમ * BBA & MBA - BCA & MCA
* B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
* PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝુલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત (અમરેલી)**
સ્થળ – શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 03T


## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. કે, ગેમઝોન રાજકોટ ખાતે આગ અકસ્માતથી બનેલ દુઘર્ટના ત્યારબાદ સરકારશ્રીની સુચના અંતર્ગત બગસરા શહેરમાં જે લોકોની મિલ્કતમાં ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ ન હોય તે લોકોએ પોતાની મિલ્કત જાતે ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે. અન્યથા નગરપાલિકા ગમે તે સમયે આપની મિલ્કત સીલ કરશે. જે જાણમાં લેશો.

ચીફ ઓફીસર
નગરપાલિકા બગસરા

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૫૦ | ૧૧૨૧ |
| ૨ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૭૦૦ |
| ૩ | તલ કાળા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૪૬૧ |
| ૫ | બાજરો | ૪૧૦ | ૫૨૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૨૫ |
| ૭ | જુવાર | ૪૫૧ | ૯૧૨ |
| ૮ | મગ | ૯૫૦ | ૧૬૬૧ |
| ૯ | અડદ | ૧૩૦૦ | ૧૮૬૦ |
| ૧૦ | તુવેર | ૧૯૦૦ | ૨૧૬૦ |
| ૧૧ | ચણા | ૭૦૦ | ૧૨૫૧ |
| ૧૨ | જીરૂ | ૫૩૫૧ | ૫૮૦૦ |
| ૧૩ | એરંડી | ૧૦૩૮ | ૧૦૩૮ |
| ૧૪ | રાજગરો | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૫ | સોયાબીન | ૮૪૫ | ૮૬૦ |
| ૧૬ | વાલ | ૧૩૦૦ | ૧૩૦૦ |

## જુદા-જુદા એકમોને નોટિસ ફટકારવામાં આવી

# સાવરકુંડલામાં પાલિકાના ફાયર વિભાગે ફાયર સેફટીની ચકાસણી કરી

**હોસ્પિટલ, ટયુશન કલાસીસ, શૈક્ષણિક સંસ્થાઓ સહિતનાં સંચાલકોમાં ફફડાટ ફેલાયો**

**રાજકોટનાં અગ્નિકાંડ બાદ સમગ્ર જિલ્લામાં ફાયર વિભાગ હરકતમાં આવ્યું**

**આગ લાગેને કુવો ખોદવાનું શરૂ કેમ કરવું તે વહીવટી તંત્ર પાસે જોવા મળ્યું**

**ફાયર હેડ જયરાજભાઈ સહિતની ટીમે ઠેકઠકાણે ચેકીંગ શરૂ થયું**







સા.કુંડલા, તા.૩૦, સાવરકુંડલા પાલિકાના ફાયર વિભાગ દ્વારા શહેરમાં વિવિધ જગ્યાએ ફાયર સેફટી બાબતે ચકાસણી કરી નોટિસો ફટકારવામાં આવી, વડોદરા હરણી તળાવ અને સુરત તક્ષશિલા બાદ મોરબી દુર્ઘટનાનીને હજી લોકો ભૂલી નથી શકય ત્યાં તાજેતરમાં રાજકોટ ટી.આર.બી ગેમ જોનમાં ભયાનક આગવાના બનાવમાં ૨૭ જિંદગી હોમાય ગઈ છે ત્યારે તંત્ર સફાળું જાગ્યું હોય તેવું જોવા મળી રહયું અને ફાયર સેફટી બાબતે સરકાર દ્વારા કડક કાર્યવાહીના આદેશ મળતાં સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસર હસમુખ બોરડ અને સાથે ફાયરના હેડ જયરાજભાઈ ખુમાણ સાથે રવિભાઈ જેબલિયા, પ્રદીપભાઈ ખુમાણ, કૌશિકભાઈ, અને ગોસાઈબાપુ સહિતના સ્ટાફ દ્વારા સાવરકુંડલાની તમામ હોસ્પિટલ, ટયુશન કલાસીસ, એપાર્ટમેન્ટ, અને શૈક્ષણિક સંસ્થાઓ સહિતમાં તપાસ કરી જે જગ્યાએ ફાયર એન ઓ સી.ન હોય ત્યાં તત્કાલ ફાયર સેફટીના સાધનો લગાવવા નોટિસો ફટકારીવામાં આવતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે અને પાલિકા દ્વારા સાવરકુંડલાની કે.કે મેહતા સરકારી હોસ્પિટલમાં તપાસ કરતા ફાયર સિસ્ટમતો લાગેલી જોવા મળી પરંતુ સિસ્ટમ બંધ હાલતમાં જોવા મળતા ત્યાં પણ નોટિસ આપી સિસ્ટમ ચાલુ કરવા કડક સૂચના આપી હતી.

## મહિલા સહાયતા કેન્દ્ર થકી મહિલાઓને સુરક્ષા

# પતિ દારૂ પી પત્નીને પરેશાન કરતો હોય પોલીસે સમાધાન કરાવ્યુ

**એક દાંપત્યજીવનને તુટતુ બચાવી લેવાયું**

અમરેલી, તા.૩૦

અમરેલી જીલ્લામાં રહેતા એક મહિલા કે જેમના લગ્ન આશરે તેર વર્ષ પહેલા થયા હતા. આ લગ્નજીવનથી એક પુત્ર અને બે પુત્રીઓ છે લગ્ન બાદ થોડો સમય સંસાર સારો ચાલ્યો બાદ મહિલાના પતિ તેમના મિત્રોના સંગતમાં દારૂ પીવા ચડી ગયેલ અને ઘરમાં અવાર નવાર દારૂ પી આવતા મહિલાને મારકુટ કરી લેતા હોય અને ઘરમાં પૈસો કમાઈને આપતા નહીં. તથા મહિલા ઉપર ખૂબ શંકા-કુશંકા કરતા પિયરમાં પણ જવા દેતા નહીં. બાળકો આ રોજ બરોજના ઝગડા જોઈ અને ગભરાઈ જતા હતા. જેથી આ મહિલા એવું વિચારી અને બધું સહન કરતા કે કયારેક સારૂ થઈ જશે અને પાછા બાળકોનું ભવિષ્ય પણ વિચારતા. આમ છતાં મહિલાના પતિમાં કોઈ સુધારો આવતો નહીં. આ મહિલા દાડી-મજૂરી કરી બાળકોનું ભરણ-પોષણ કરતા અને તે પૈસા પણ પતિ લઈ જતા. આખરે આ મહિલા ખૂબ કંટાળી અને પોતાના પિયર બાળકોને સાથે લઈને આવી ગયા હતા.

પિયરમાં પણ પતિએ હેરાનગતિ કરવાનું ચાલુ રાખલ અને દારૂ પી ધમાલ કરતા. જેથી આ મહિલાએ એક લેખિત અરજી મહિલા પોલીસ સ્ટેશનમાં આપતા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરમાં આપતા તેણીના પતિને કાઉન્સેલર પારૂલબેન મહિડા ધ્વારા બોલાવવામાં આવેલા અને તેમનું કાઉન્સેલિંગ કરી સમજાવવામાં આવ્યા તથા મહિલાના જેઠ-જેઠાણી જેઓ તેણીના પતિને ચઢામણી કરતા હોય, જેથી તેઓને પણ સેન્ટરમાં બોલાવવામાં આવેલા. બંને પક્ષની આશરે ચારેક બેઠક કરવામાં આવી હતી અને યોગ્ય સમજાવટથી સલાહ, સૂચન અને માર્ગદર્શનથી સમાધાન કરવામાં આવ્યું ઉપરાંત તેણીના પતિ પાસેથી બાંહેધરી લેવામાં આવેલ કે હવે તે કયારેય દારૂ નહીં પીવે અને કોઈ પ્રકારની ઘરમાં તેમની પત્નીને હેરાનગતિ નહીં કરે કમાઈને પૈસા આપશે વગેરે બાબતોની બાંહેધરી લખાવી અને મહિલાની મરજી મુજબ સમાધાન કરવામાં આવેલ. ત્યારબાદ બે મહિના સુધી તેઓને સેન્ટરમાં બોલાવી અને ફોલોઅપ પણ લેવામાં આવેલ. જેમાં હવે મહિલા ખુશ છે અને સેન્ટરની કામગીરી તેમને સંતોષકરક લાગી છે. તથા આ મહિલા સેન્ટરનો આભાર માને છે કે તેઓ હવે સુખી છે કોઈ પણ પ્રકારની તકલીફ હવે નથી આમ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરના કાઉન્સેલર પારૂલબેન મહિડા તથા રોશનીબેન મચ્છર ધ્વારા કાઉન્સેલીગ કરી એક દાંપત્ય જીવન તૂટતું બચાવી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

# દિલ્હી હાઈકોર્ટે મંદિર તોડી પાડવાનો આદેશ આપ્યો

નવી દિલ્હી, તા.૩૦

કોર્ટે કહ્યું કે અરજદારના વકીલે અડધી દિલથી દલીલ કરી કે મંદિરના દેવતા હોવાના કારણે ભગવાન શિવને પણ હાલના કેસમાં પક્ષકાર બનાવવો જોઈએ. આ દલીલ સમગ્ર વિવાદને અલગ રંગ આપવાનો મરણિયા પ્રયાસ છે. દિલ્હી હાઈકોર્ટે પોતાના એક નિર્ણયમાં કહ્યું કે ભગવાન શિવ અમારા દ્વારા આપવામાં આવતી સુરક્ષા પર નિર્ભર નથી. તેમને અમારી સુરક્ષા વ્યવસ્થાની જરૂર નથી. દિલ્હી હાઈકોર્ટે યમુનાના પૂર વિસ્તારમાં સ્થિત ગેરકાયદેસર શિવ મંદિરને તોડી પાડવાની મંજૂરી આપી છે. હાઈકોર્ટે કહ્યું કે જો યમુના નદીના પટ અને પૂર વિસ્તારને અતિક્રમણ અને ગેરકાયદે બાંધકામથી મુક્ત કરવામાં આવે તો ભગવાન શિવ વધુ પ્રસન્ન થશે. કોર્ટે કહ્યું કે અમે જ ભગવાન શિવના આશીર્વાદ ઈચ્છીએ છીએ. કોર્ટે કહ્યું કે અરજદારના વકીલે અડધી દિલથી દલીલ કરી કે મંદિરના દેવતા હોવાના કારણે ભગવાન શિવને પણ હાલના કેસમાં પક્ષકાર બનાવવો જોઈએ. આ દલીલ સમગ્ર વિવાદને અલગ રંગ આપવાનો મરણિયા પ્રયાસ છે. કહેવાની જરૂર નથી કે ભગવાન શિવને આપણા રક્ષણની જરૂર નથી. તેના બદલે અમે તેમની સુરક્ષા અને આશીર્વાદ ઈચ્છીએ છીએ. કોર્ટે કહ્યું કે તેમાં કોઈ શંકા નથી કે જો યમુના નદીના પટ અને પૂર વિસ્તારને તમામ અતિક્રમણો અને અનધિકૃત બાંધકામોથી મુક્ત કરવામાં આવે તો ભગવાન શિવ વધુ પ્રસન્ન થશે. તમને જણાવી દઈએ કે, હાઈકોર્ટે દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ગીતા કોલોનીમાં તાજ એન્ક્લેવ પાસે સ્થિત પ્રાચીન શિવ મંદિરને હટાવવાના આદેશને યથાવત રાખ્યો હતો.

## ૨૦થી વધુ લોકો દાઝી ગયા, ઘણાની હાલત ગંભીર છે

# ભગવાન જગન્નાથની ચંદન યાત્રા દરમિયાન ફટાકડામાં વિસ્ફોટ થયો

**ઘટના અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું કે નરેન્દ્ર પુષ્કરિણી સરોવર ખાતે ચંદન યાત્રા પર્વ માટે સેંકડો લોકો એકઠા થયા હતા**

પુરી, તા.૩૦

પુરીમાં ભગવાન જગન્નાથની ચંદન યાત્રા દરમિયાન આ દુર્ઘટના બની હતી. ચંદન યાત્રા દરમિયાન ફટાકડામાં વિસ્ફોટ થતાં ૧૫ શ્રદ્ધાળુઓ દાઝી ગયા હતા, જેમાંથી ચારની હાલત નાજુક હોવાનું કહેવાય છે. આ ઘટના પર શોક વ્યક્ત કરતા રાજ્યના મુખ્યમંત્રી નવીન પટનાયકે ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ આ ઘટના પર શોક વ્યકત કર્યો છે. ઓડિશાના પુરીમાં વિશ્વ પ્રસિદ્ધ ભગવાન જગન્નાથની ચંદન યાત્રા મહોત્સવમાં ફટાકડાના ઢગલા ફાટવાને કારણે ૨૦થી વધુ શ્રદ્ધાળુઓ દાઝી ગયા છે. ઘટના અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું કે નરેન્દ્ર પુષ્કરિણી સરોવર ખાતે ચંદન યાત્રા પર્વ માટે સેંકડો લોકો એકઠા થયા હતા. આ દરમિયાન શ્રદ્ધાળુઓનું ટોળું ફટાકડા ફોડી રહ્યું હતું, જેમાંથી એક તણખો ફટાકડાના ઢગલામાં પડી ગયો હતો. જેના કારણે વિસ્ફોટ થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ફટાકડા ફૂટ્યા બાદ તેઓ ભીડમાં પડ્યા હતા. જેના કારણે અનેક લોકો ઘાયલ થયા છે. તે જ સમયે, કેટલાક લોકોએ ફટાકડાથી બચવા માટે તળાવમાં કૂદી પડ્યા હતા. એક ડોક્ટરે જણાવ્યું કે ઘાયલ લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમાંથી ચારની હાલત ગંભીર છે. આ ઘટના પર દુઃખ વ્યક્ત કરતા મુખ્યમંત્રી નવીન પટનાયકે સોશિયલ મીડિયા ઠ પર લખ્યું, પુરી નરેન્દ્ર પૂલ પાસે થયેલા અકસ્માત વિશે સાંભળીને દુઃખ થયું. મુખ્ય વહીવટી સચિવ અને જિલ્લા વહીવટીતંત્રને ઘાયલોની યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા અને વ્યવસ્થા પર દેખરેખ રાખવા સૂચના આપવામાં આવી છે. ઘાયલોનો તમામ તબીબી ખર્ચ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ઉઠાવવામાં આવશે. હું દરેકને સારા સ્વાસ્થ્યની ઈચ્છા કરું છું. આ ઘટના પર દુખ વ્યક્ત કરતા કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે, પુરી ચંદન યાત્રા દરમિયાન નરેન્દ્ર પુષ્કરિણી દેવીઘાટ પર થયેલા કમનસીબ અકસ્માતમાં ઘણા લોકો ઘાયલ થયાના સમાચાર સાંભળીને દુઃખ થયું. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે જેમની સારવાર ચાલી રહી છે તેઓ જલ્દી સ્વસ્થ થઈને ઘરે પાછા ફરે.

## આજે ૩૧ મે, તમાકુ નિષેધ દિન

# જીંદગી તમને છોડી જાય એ પહેલા તમાકુ છોડી દો

**તમાકુને ના કહો જીંદગીને હા કહો**

"વિશ્વ તમાકુ નિષેધ દિવસ" મનાવવાનો મુખ્ય હેતુ તમાકુ નિષેધ પ્રત્યે લોકમાં જાગૃતિ લાવવાનો છે. તમાકુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. એક અંદાજ મુજબ સામાન્ય રીતે તમાકુનો શિકાર ૧૨ થી ૧૭ વર્ષની વયના યુવા થાય છે. આ પાછળનું કારણ કયારેય કઈક નવું કરવાની જિજ્ઞાસા હોય છે તો કયારેક અન્ય કરતાં પોતે મોટા છે એવું સાબિત કરવાની લાલસા પાછળ સગીર વયે વ્યકિત વિવિધ વ્યસનોનો શિકાર થાય છે. તમાકુ નિષેધ માટે જનજાગૃતિ હેતુ આ દિવસ પસંદ કરવામાં આવ્યો છે, પરંતુ ખરેખર તો આવા માદક પદાર્થોના નિષેધ માટે કોઈ પણ નિશ્ચિત દિવસ હોતો નથી. કોઈપણ વ્યકિત ઈચ્છે ત્યારે તેને બંધ કરી શકે છે બસ આ માટે જે તે વ્યકિતએ પોતાનું મન મકકમ કરવાની આવશ્યકતા છે. તમાકુની ખરાબ અસર મુખ્યત્વે ઉધરસ અને ગાળામાં બળતરાની સાથે શરૂ થાય છે અને સમય જતાં તે હદય રોગ, શ્વાસનળીનો સોજો, ન્યુમોનિયા સ્ટ્રોક અને ઘણા પ્રકારનાં કેન્સર જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ સહિત વધુ ગંભીર પરિસ્થિતી પણ સર્જી શકે છે જેમાં સૌથી




ગંભીર અને વધુમાં વધુ જોવા મળતી સમસ્યા ઓરલ કેન્સર (માઉથ કેન્સર) છે. પંજાબમાં તો આ તમામ કેન્સર પેશન્ટની સારવાર હેતુ 'કેન્સર ટ્રેન' પણ ચાલે છે. જો તમાકુંના સેવનની આદતો હશે તો તે ફેફસા માટે હાનિકારક બનશે અને તેનાથી મૃત્યુપણ જ તેના ઉપભોગ કર્યા પછીના પરિણામો દર્શાવેલ હોય છે અને કોઈ ફિલ્મ બતાવતા પહેલા પણ વ્યસન નિષેધ જાગૃતિના વિજ્ઞાપનો દર્શાવાય છે છતાં પણ દેશમાં મોટા ભાગે લોકો કોઈ ને કોઈ વ્યસનનો શિકાર થતા જ હોય છે. ધ્રુમપાનની સમસ્યાની વાત કરીએ તો તે મુખ્યત્વે મેટ્રો સિટીમાં (શહેરોમાં) વધારે જોવા મળે છે તેની પાછળ મેટ્રો સિટિનું (શહેરોનું) વ્યસ્ત જીવન, સતત ચાલતું અને દોડધામ કરતું શરીર અને મનને લાગતો માનસિક થાક જવાબદાર છે. વધતી જતી હરિફાઈમાં વ્યકિત પર સતત ને સતત કામનું દબાણ રહેવાનું એ સ્વાભાવિક છે પરંતુ તેના કારણે માદક દ્રવ્યોના સેવનનું આદિ જવું એ કોઈ સમસ્યાનો હલ ન કહી શકાય. આવી આદત છોડવા માટે વ્યકિતએ સૌ પ્રથમ મકકમ નિર્ધાર કરવો પડશે જેના માટે એકાગ્રતા તેમજ ચિતની શકિતની આવશ્યકતા છે. આ શકિત ધ્યાન, પ્રાણાયમ અને યોગથી શકય બની શકશે. તમામ વ્યસનોનો ત્યાગ કરીએ.

# શેખવા પરિવારે સૈંકડો ટન જુવારની કડબનું વિનામૂલ્યે વિતરણ કર્યુ






આજે ઠેકઠેકાણેથી નકારાત્મક સમાચારો આવી રહયા છે. તેવા બળબળના દિવસોમાં સરભંડાનાં શેખવા પરિવારે પાદરગઢ ગામે આવેલ સૈંકડો એકર જમીનમાં તૈયાર થયેલ સૈંકડો ટન જુવારની કડબ ગૌશાળાઓને વિનામૂલ્યે આપવાનું શરૂ કરીને પ્રેરણાદાયી કાર્ય કર્યુ છે. સરંભડા સ્થિત ગૌપાલક, પર્યાવરણ અને વન્ય અને દરીયાઈ જીવરક્ષક ટ્રસ્ટનાં નેજા નીચે, શેખવા પરિવાર દ્વારા ગૌશાળા, પાંજરાપોળ માટે, નિઃશુલ્ક જુવારની નીરણનું વિતરણ ચાલુ કરવામાં આવેલ છે. જેમને પણ નિરાધાર, અપંગ, રેઢિયાળ ગાયો માટે ગૌશાળા માટે જુવારની કડબનાં ઘાસચારાની જરૂરિયાત હોય તેમણે પોતાની જરૂરિયાત પ્રમાણે વાહનની વ્યવસ્થા સાથે રજનીભાઈનો કોન્ટેકટ નંબર : ૯૯૨૪૦ ૯૫૦૧૦, ૯૫૮૬૬ ૬૬૬૬૬, ૯૪૨૬૬ ૬૬૬૬૬ નંબર ઉપર સંપર્ક કરવો એક યાદીમાં જણાવાયું છે. **(પ્રતાપ ખુમાણ સાવરકુંડલા)**





## દેશનું ભવિષ્ય ગણાતા બાળકોને યોગ્ય શિક્ષણ મળવું જોઈએ

# અમરેલીમાં રવિવારે "નિત્યમ વિદ્યા સંકુલ"નું થશે લોકાર્પણ

**મોટી હવેલીનાં પૂ. દ્વારકેશલાલજી મહારાજનાં વરદ્હસ્તે વિદ્યા સંકુલનું થશે લોકાર્પણ**

**રાજકોટની દુઃખદ ઘટનાને લીધે સાદગીપૂર્ણ વાતાવરણમાં વિદ્યા સંકુલનો પ્રારંભ**

**વિશાળ પટાંગણમાં રહેવા, જમવા અને રમવાની ઉત્તમ વ્યવસ્થા સાથે બાળકોને મળશે આધુનિક શિક્ષણ**

**શિક્ષણપ્રેમી અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતાં જાણીતા કેળવણીકાર હસમુખ પટેલનાં માર્ગદર્શનમાં બાળકોનું ઘડતર થશે**




અમરેલી, તા. ૩૦

અમરેલી શહેર એ રાજયનાં પ્રમથ મુખ્યમંત્રી અને શિક્ષણપ્રેમી ડો. જીવરાજ મહેતાની જન્મભૂમિ હોય અને તેઓએ આજથી ૬૫ વર્ષ પહેલા તેમની જન્મભૂમિમાં શિક્ષણની ઉત્તમ વ્યવસ્થા માટે તે સમયે આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજનું નિર્માણ કરાવેલ. બાદમાં થોડા વર્ષો શિક્ષણ ક્ષેત્રે યોગ્ય કામગીરી ન થયા બાદ છેલ્લા ૨૦ વર્ષથી અમરેલી વિદ્યાનગરી બનવા આગળ વધી રહ્યું છે.

દરમિયાનમાં અમરેલીનાં લાઠી માર્ગ પર આવેલ સહજ સિટીનાં વિશાળ પટાંગણમાં શિક્ષણનો જીવ ગણાતા અને જાણીતા કેળવણીકાર હસમુખ પટેલ દ્વારા રહેવા, જમવા, રમવાની સુવિધા સાથે બાળકોને આધુનિક શિક્ષણ મળી રહે તે માટે ઉમદા પ્રયાસરૂપે "નિત્યમ વિદ્યા સંકુલ" નું નિર્માણ કરવામાં આવ્યું છે.

જેનું વિધિવત લોકાર્પણ મોટી હવેલીનાં પૂ. દ્વારકેશલાલજી મહારાજનાં વરદહસ્તે આગામી રજૂનને રવિવારે સાદગીપૂર્ણ વાતાવરણમાં બાળકો અને વાલીઓની ઉપસ્થિતમાં થઈ રહ્યો છે.

દેશનું ભવિષ્ય ગણાતાં આજનાં બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ આપવામાં આવે તો જ દેશ વિકસિત બની શકે અને આવા ઉમદા વિચા સાથે

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ખાંભાથી સાવરકુંડલા માર્ગ પર આવેલ

## ભાડ ગામ નજીક વાહન અકસ્માતમાં વન્યપ્રાણી હરણનું કમકમાટીભર્યુ મોત

**હરણનો મૃતદેહને પી.એમ. માટે મોકલાશે**

ખાંભા, તા. ૩૦

ધારી ગીર પૂર્વના ખાંભા-તુલસીશ્યામ રેન્જના પીપળવા રાઉન્ડ નીચેના ખાંભા રેવન્યુમાં ભાડ ગામ નજીક પાણીના ટાંકા પાસે વાહન અકસ્માતમાં વન્ય પ્રાણી પહુ (હરણ)નું મોત નિપજયું હતું. આ ઘટનાની જાણ થતાં વન વિભાગનાં આરએફઓ રાજલબેન પાઠક તેમજ વન વિભાગનાં સ્થાનિક સ્ટાફ ઘટના સ્થળે પહોંચી હરણના મૃતદેહને પી.એમ. અર્થે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતું.


તસ્વીર : ભાવીક કલસરીયા-ખાંભા

### નાણાપંચ, એટીવીટી અને આયોજન જેવી વિવિધ યોજનાનાં કામોમાં

## આલે લે : અમરેલી જિલ્લામાં તાલુકા ફરે એટલે એસઓઆરનાં ભાવમાં ફેરફાર જોવા મળે

**નીચો એસઓઆર ધરાવતાં તાલુકાઓમાં વિકાસ કાર્યો કરવામાં સરપંચોને મુશ્કેલી : સાસંદ કાછડીયા**

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાં નાણાપંચ, એટીવીટીથી લઈ આયોજન જેવી વિભિન્ન યોજનાઓના એસ.ઓ.આર. ઉંચા-નીચા એટલે કે વિસંગતતાઓ હોવાનાં લીધે સરપંચોને પડી રહેલ મુશ્કેલીઓ દુર કરવા બાબતે સાંસદ નારણભાઈ કાછડીયાએ જિલ્લા વિકાસ અધિકારીને લેખિત તેમ ટેલીફોનીક રજુઆત કરેલ છે.

સાંસદના જણાવ્યા પ્રમાણે કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકાર તરફથી ગામોના વિકાસ માટે વિવિધ વિકાસલક્ષી યોજનાઓ થકી પુષ્કળ પ્રમાણમાં ગ્રાન્ટો આપવામાં આવે છે. પરંતુ નાણાપંચ, એટીવીટી અને આયોજન જેવી યોજનાઓ અંતર્ગત મળતી ગ્રાન્ટોમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓના એસઓઆરમાં ખુબ જ વિસંગતતાઓ હોવાની સરપંચોની રજુઆત મળેલ છે. જેમાં લીલીયા કરતા ધારી અને ધારી કરતા

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ફાઈવ ટ્રિલીયન ઈકોનોમીની માત્ર ગુલબાંગો

## હે રામ : ધારીનાં વાઘાપરામાં રહેતા શ્રમિકે કામ ન મળતા ઝેરી દવા ગટગટાવી

**સારવાર માટે અમરેલી સરકારી દવાખાને ખસેડાયો**

અમરેલી, તા. ૩૦

ધારીના વાઘાપરામાં રહેતા ચંદુભાઈ વિરજીભાઈ સોલંકી નામનાં ૩૮ વર્ષિય શ્રમિક મજુરીકામ કરતા હોય અને છેલ્લા એકાદ અઠવાડીયાથી તેમને કામ ન મળતું હોય અને હવે કામ નહિ મળે તો શું થશે? તેવી ચિંતામાં મનમાં લાગી આવતા પોતે પોતાના ઘરે ઝેરી દવાની ટયુબ હોય જેમાંથી દવા પી લેતા પ્રથમ ધારી સરકારી દવાખાને અને ત્યાંથી અમરેલી સરકારી હોસ્પીટલમાં સારવારમાં દાખલ કર્યાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## સાવરકુંડલાની ઓર્થોપેડિક હોસ્પિટલ શંકાનાં દાયરામાં



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરમાંથી બોગસ ઓર્થોપેડિક તબીબ પોતાનાં આલીશાન હોસ્પિટલને તાળા મારી છેલ્લા ૨૫ દિવસથી ફરાર હોય શહેરમાં ચર્ચાનો મહત્વનો મુદો બનેલ છે. આ બોગસ ઓર્થોપેડિક ડોકટર પાસે કોઈ સરકાર માન્ય ડોકટરી સર્ટિફિકેટ ન હોવા છતાં સાવરકુંડલા શહેર અને તાલુકાના લોકોનાં આરોગ્ય સાથે ચેડા કરી રહયા છે. આ અંગે સાવરકુંડલાના સામાજિક-રાજકિય આગેવાન રામદેવસિંહ ગોહિલ દ્વારા આરોગ્ય વિભાગમાં યોગ્ય કરવા જણાવેલ છે. આ અંગે સંબંધિત વિભાગ કોઈ નક્કર કાર્યવાહી કરે તેવી જાહેર હિતમાં લોક માંગ છે.

### સ્થાનિક કોર્ટમાં એડવોકેટ કિશોભાઈ પાઠકની દલીલો સફળ

## લીલીયામોટા : શુભલક્ષ્મી મંડળીમાંથી લોન લઈ ન ભરનાર બાકીદારોને ૧૮ માસની સજા

**વળતર ચૂકવવા નહી તો વધુ ૩ માસની સજાનો હુકમ**

લીલીયા તા. ૩૦

લીલીયા મોટા શુભલક્ષ્મી શરાફી સહકારી મંડળીમાંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર અશ્વિનભાઈ ભોળાભાઈ ખાખડીયા રહે. લીલીયા, ગોપલભાઈ ભનુભાઈ ડાબસરા રહે. લીલીયા, વિજયભાઈ મધુભાઈ પંચાસરા રહે. લીલીયા, શૈલેષગીરી મનુગીરી ગોસાઈ રહે. વાઘણીયા, રાહુભાઈ રમેશભાઈ ચૌહાણ રહે. લીલીયા, રાહુભાઈ સુરેશભાઈ ડાભી રહે. લીલીયા, દિલીપભાઈ ધીરૂભાઈ ઉનાવા રહે. વાઘણીયા, ઈફતારભાઈ અનવરભાઈ પઠાણખ રહે. વાઘણીયા, સંતોષભાઈ બચુભાઈ ઉનાવા રહે. વાઘણીયા આ બાકીદાર સામે મંડળીના મેનેજર કમલેશબાપુ અગ્રાવતે લીગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરિયાદ દાખલ કરતા અને કેસ ચાલી જતા અને એડવોકેટની ધારદાર દલીલો ગ્રાહ્ય રાખી અદાલત દ્વારા નવ બાકીદારોને ૧૮ માસની કેદની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ અને વળતર ન ચુકવે તો વધુ ત્રણ માસની સજા ભોગવવા હુકમ કરેલ છે. આમ સજા ભોગવવા લીલીયાના પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટે હુકમ કરેલ છે. આમ આ હુકમ થતા મંડળીના બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. આમ બે મંડળીના વીશ બાકીદારોને એક સાથે સજા થતા લીલીયા શહેરમાં સન્નાટો છવાયો હતો.












*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)